### બિલખાના બિલનાથ મહાદેવ મંદિરમાં તસ્કરોનો તરખાટ

# રૂા. ૧૫ હજારથી વધુની માલમતાનો હાથફેરો, ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ

જૂનાગઢ, તા. ૩૦
પવિત્ર શ્રાવણ માસમાં જ બિલખાના બિલનાથ મહાદેવ મંદિરમાં તસ્કરોએ તરખાટ મચાવીને ૧૫૦૦૦ની માલમતા ચોરીને નાસી જતા શિવ ભકતો સહિતનાં ભાવિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સવારે બિલનાથ મહાદેવ મંદિરમાં શનિવારની વ્હેલી સવારે તસ્કરો ખાબકયા હતા. મંદિરના મહંત શ્રી ભોલેશ્વરનંદજીએ જણાવ્યું હતું કે, શિવ મંદિરમાં વહેલી સવારના તસ્કરોઆવ્યાહતા અનેમંદિરની દાનપેટી તોડીને એમાંથી ૧૫૦૦૦ રૂપિયાની રોકડ તેમજ બદામ કાજુ સહિતનો સામાન ચોરીને નાસી ગયા હતા. તેઓએ આ અંગે જાણ કરતા બિલબના પીએસઆઈ આર.પી. ચુડાસમા સ્ટાફ સાથે દોડી ગયા હતા અને મંદિરના સીસીટીવી ફૂટેજ તપાસતા તેમાં એક તસ્કર મંદિરમાં પ્રવેશીને દાનપેટીમાંથી ચોરી કરી રહ્યો હોવાનું જણાયુ હતું. શ્રાવણ મહિનામાં જ બિલનાથ મહાદેવ મંદિરને તસ્કરોએનિશાન બનાવતા શિવ ભક્તોમાં રોષ ફાટી નીકળ્યો છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોનેઝડપી લેવાચક્રો ગતિમાનકર્યા છે.

# જૂનાગઢમાં અન્નપૂર્ણા યોજના હેઠળ વ્યાજબી ભાવે અનાજ મેળવતા બોગસ ૬૫૫ રેશનકાર્ડ રદ કરાયા

જૂનાગઢ, તા.૩૦
જુનાગઢ ઝોનલ પુરવઠા શાખા દ્વારા અન્નપૂર્ણા યોજના હેઠળ વ્યાજબી ભાવે અનાજ મેળવતા બોગસ ૬૫૫ રેશનકાર્ડરદ કરવામાં આવ્યા છે અને હજુ આવા રેશન કાર્ડ પર તલવાર લટકી રહી છે. કેન્દ્ર સરકારે ૫ જુલાઈ ૨૦૧૩ના રોજ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો પસાર કર્યો. આ કાયદા મુજબ અને અન્નપૂર્ણા યોજના મુજબ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ મધ્યમ અને ગરીબ કુટુંબોને વ્યાજબી ભાવથી અનાજ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ મેળવતા જુનાગઢ ઝોનલ પુરવઠા શાખા હેઠળ આવતા આવા રેશન કાર્ડ ધારકો અંગે મામલતદાર એ. કે. ત્રિવેદી, નાયબ મામલતદાર જે. બી. ડઢાણીયા વગેરેએ આઈડેન્ટી મેળવવતા ૬૫૫ જેટલા રેશનકાર્ડ બોગસહોવાનું જણાયું હતું આથી તાત્કાલિક અસરથી આર્થિક સધ્ધરતા ધરાવતા પરિવારોના ૬૫૫ રેશનકાર્ડએકજ ઝાટકે તંત્ર દ્વારા રદ કરવામાં આવ્યા છે. અને આ અંગેની વધુ તપાસ પણ કરવામાં આવી રહી હોય હજુ વધુ આવા રેશનકાર્ડ વિરોધ થાય તેવી શકયતા જોવાઈ રહી છે. આમ તંત્રની કાર્યવાહી પ્રસંશનીય રહી છે. બીજી તરફ અન્નપૂર્ણા યોજનાના લાભાર્થીઓની ૧૨૨૮ અરજી પર નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાંથી ૫૮૬ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. બાકીના લાભાર્થીઓને અરજી પર આગામી સપ્ટેમ્બર મહિનામાં નિર્ણય લેવામાં આવશે. નાયબ મામલતદાર જે. બી. ડઢાણીયાએ જણાવ્યુ હતું કે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો-૨૦૧૩ અન્વયે અન્નપૂર્ણા યોજનાનો લાભ મકાન વિહોણું કુટુંબ હોય, માલિકીનું પાકુ મકાન ધરાવતા ન હોય, છાપરાવાળુ મકાન ધરાવતા હોય તેમજ કુટુંબનો કોઈપણ સભ્ય માસિક ૧૦,૦૦૦ થી વધુ આવક ધરાવતો ન હોય એવા લોકોને જ અન્નપૂર્ણા યોજનાનો લાભ મળી શકે છે.

# જૂનાગઢ ડી-માર્ટ મોલના કેશિયર વિરૂધ્ધ વિશ્વાસઘાતની ફરીયાદ

જૂનાગઢ તા.૩૦
જૂનાગઢમાં ડી-માર્ટ મોલના કેશિયરે બિલ બનાવ્યા વગર રૂા. ૩૦,૦૦૦નોમાલ બારોબાર વેચી માર્યો હોવાની ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જૂનાગઢના સરદારબાગ પાસે ઘાંચીપટ સોસાયટીમાં આવેલ ખ્વાજા મહેલ એપાર્ટમેન્ટમાં રહેતા ફેઝાન કાદરભાઈ ભુવર નામનો ઈસમ શહેરમાં ઝાંઝરડા ચોકડી પાસે આવેલ ડી-માર્ટ મોલમાં શરૂઆતથી કેશિયરનું કામ કરતો હતો. પરંતુ તેણે રૂપિયા ૩૦,૦૦૦ની કિંમતનો માલ સામાન બારોબર બિલ બનાવ્યા વગર અજાણ્યા લોકોને આપી વેચી મારી મોલને આર્થિક નુકશાન પહોંચાડ્યું હોવાની ફરીયાદ મોલના મેનેજર સંજયભાઈ ગંધ્રુકિયાએ કરતા બી ડિવિઝન પોલીસેવિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકામાં જગત મંદિર પથ પર દબાણો દૂર કરવા તંત્રએ કમર કસી લીધી છે



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા. ૩૦
દ્વારકામાં જગત મંદિર પથ પર દબાણ કર્તાઓ દ્વારા બિન્દાસ પણે દુકાનની બહાર ઓટલા અને ટેબલો ખડકી મહાકાય દબાણો કરાયા હોવાના અનેક વખત સમાચાર પત્રોના અહેવાલ બાદ દ્વારકા નગરપાલિકાના દ્વારા બે માસ પૂર્વે ૯૬ દબાણકર્તાઓને નોટીસ પાઠવ્યા પછી દબાણ હટાવ કાર્યવાહી માટે એક મહિના પહેલા સુરક્ષા બંદોબસ્તની માંગ થઈ હતી એ પછી પણ નગર પાલિકા દ્વારા કાર્યવાહી આગળ ન વધતા અનેક સવાલો ઉભા થયા હતા પરંતુ હવે તંત્ર દબાણ હટાવ કાર્યવાહી કરવા સજ્જ થઈ ગયુ હોય એવા સંકેત મળ્યા છે. આ અંગે ચીફ ઓફિસર ઉદય નસીત સાથેનાં ટેલિફોનિક વાર્તાલાપમાં મળેલ માહિતી મુજબ આગામી ૪૮ થી ૭૨ કલાકમાં જ તંત્ર એક્શન લેવા સજ્જ થઈ ગયુ હોવાનું ચીફ ઓફિસર દ્વારા માહિતી આપવામાંઆવી છે વધુમા મળતી માહિતી મુજબ દબાણ હટાવ કામગીરી અટકાવવા અમુક આગેવાનો અને નગરપાલિકામા વર્ષો થી સિંધમ તરીકે છાપ ધરાવતા કર્મચારી ઓ દ્વારા દબાણ હટાવ કામગીરી અટકાવવા તંત્ર પર દબાણ કરી રહ્યા છે ત્યારે દબાણ હટાવની કામગીરી ચીફ ઓફિસર માટે ચેલેન્જ રૂપ સાબિત થાય તો નવાઈ નહી

# કેશોદના એરપોર્ટ પાસે રીક્ષા પલ્ટી જતાં પાંચ મુસાફરો ઈજાગ્રસ્ત બન્યા




(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૩૦
કેશોદના એરપોર્ટ રોડ ઉપર વળાંક ઉપર એરપોર્ટનાં મેઈન ગેટ પાસેઓટો રિક્ષા પલ્ટી જતાં બેસેલા મુસાફરો ઈજાગ્રસ્ત બન્યા હતા. કેશોદના એરપોર્ટ રોડ ઉપર રીક્ષા પલ્ટીજતા ૧૦૮ તાત્કાલિક એમ્બ્યુલન્સ સેવા મારફતે કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયંતીભાઈ પરમાર (ઉ.વ.૬૫), ચંદ્રીકાબેન જયંતીભાઈ પરમાર (ઉ.વ.૬૦), પંકજભાઈ જયંતીભાઈ પરમાર (ઉ.વ.૩૬), વીણાબેન પંકજભાઈ પરમાર (ઉ.વ.૩૫), પર્પલ પંકજભાઈ પરમાર (ઉ.વ.૮) ઈજાગ્રસ્ત હાલતમાં કેશોદ સબ ડિસ્ટ્રિક્ટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. કેશોદના પરમાર પરિવાર બાજુમાંઆવેલ માણેકવાડા નાગદેવતાનાં મંદિરે શ્રાવણ માસ નિમિત્તે દર્શને જઈ રહ્યા હતા. ત્યારે આકસ્મિકઘટના બની હતી. કેશોદના ચાર ચોક વિસ્તારમાં અંડરબ્રીજનું કામ ચાલુહોય ત્યારે વાહનોનેઆવવા જવા માટે એરપોર્ટ રોડ ઉપર ડાયવર્ઝન કાઢવામાં આવેલ છે. ત્યારે એરપોર્ટનાં મેઈન ગેઈટ પાસે વળાંક અને પેટા માર્ગ પણ આવેલ હોવાથી છાશવારે આકસ્મિક ઘટનાઓ બને છે. કેશોદના એરપોર્ટ રોડ ઉપર બનેલી આકસ્મિક ઘટનામાં ઈજાગ્રસ્ત મુસાફરોને કેશોદ સબ ડિસ્ટ્રીકટસિવિલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપી વધુ ઈજાગ્રસ્ત ત્રણ મુસાફરોને જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સરકારી એમ્બ્યુલન્સ મારફતે રીફર કરવામાં આવ્યાં છે. કેશોદના એરપોર્ટ રોડ ઉપર અચાનકઓટોરિક્ષા પલ્ટી ખાઈ જતાં આસપાસના રહીશો મદદે દોડી આવ્યા હતા.

# કેશોદના ટીટોડી ગામે બનેલી ઘટનામાં આવ્યો વળાંક ફરિયાદી પૈસા પડાવવા મથતાં હોવાનો પતિ સાસુનો આક્ષેપ

(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૩૦
કેશોદ નજીક આવેલાં ટીટોડી ગામે એકાદ વર્ષ પહેલાં બનેલી ઘટનામાં પુત્રવધુ એ પોતાના સાસરા દ્વારા એકલતાનો લાભ લઈ ડરાવી ધમકાવી દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ કેશોદ પોલીસ સ્ટેશનમાં ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૫૪(એ), ૩૭૬, ૫૦૬(૨) હેઠળ તારીખ ૨૫-૮-૨૩નાં રોજ નોંધી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કેશોદ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદી મહિલાનાં પતિ, સાસુ પરિવારજનોએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે અમારી વહુ ફરિયાદી એકાદ વર્ષથી રીસામણે છે ત્યારે થોડાં દિવસો પહેલાં માવતરેથી ગુમ થઈ જતાં અમોએ ફરિયાદી મહિલાનાં પરિવારજનો સાથે રહીને શીલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જેનાં કારણે પરણિત હોવા છતાં અન્ય ત્રાહિત વ્યક્તિ સાથે સંબંધ ધરાવતાં કાયદાકીય સકંજામાં આવી જતાં કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી અમોને શારીરિક, સામાજિક, માનસિક અને આર્થિક રીતે હેરાનપરેશાન કરવા માંગે છે.

કેશોદના ટીટોડી ગામનાં ફરિયાદીનાં પતિ અને બનેવીને સમાધાન માટે બોલાવી મળતિયાઓ દ્વારા રૂપિયા પાંચ લાખ માંગ્યા હોવાનો ઓડિયો વાયરલ થયો છે ત્યારે હાલ તો પુત્રવધુની ફરિયાદ બાદ પરિવાર ઉપર આભ તુટી પડતાં હેરાનપરેશાનથઈ રહ્યાં છે. વર્ષો પહેલાંપ્રસિદ્ધ થતાં પખવાડિકની હેડલાઈન હતી કે લાખો ગુનેગાર ભલે છુટ્ટી જાય પરંતુ એક નિર્દોષને સજા ન થવી જોઈએ એ મુજબ કેશોદ પોલીસ સ્ટેશનનાં તપાસ અધિકારી દ્વારા સત્ય બહાર લાવવામાં આવશે કે કેમ એ તો આવનારાં દિવસોમાં ખબર પડશે.

# કેશોદ નગરપાલિકામાં ભરતી કૌભાંડનો અહેવાલ મંગાવતા નગરપાલિકા કમિશ્નર

(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૩૦
કેશોદ નગરપાલિકાનાં સદસ્ય અને પસંદગી સમિતિનાં ચેરમેન હરીનભાઈ ભુરાભાઈ ચોવટીયાએ પોતાની સત્તાનો દુરૂપયોગ કરી પોતાના પુત્ર રાહુલભાઈ હરિનભાઈ ચોવટીયાને ફાયર વિભાગમાં વાયરલેસ ઓપરેટર તરીકે નિમણૂંક આપી હોય જેઓની વિરૂદ્ધ કેશોદના વેપારી અગ્રણી ચિરાગભાઈ અરજણભાઈ સુત્રેજાએ આધાર પુરાવાઓ સાથે લેખિતમાં કમિશનર નગરપાલીકાઓ ગુજરાત રાજય ગાંધીનગરને ફરિયાદ કરી જવાબદાર નગરપાલિકાનાં સદસ્ય હરીનભાઈ ભુરાભાઈ ચોવટીયાને સભ્યપદેથી ગેરલાયક ઠરાવવા ઉપરાંત પસંદગીસમિતિનો વિવાદાસ્પદ ઠરાવની અમલવારી રોકવામાં આવે એવો મનાઈ હુકમ અને કેશોદ નગરપાલિકાને ઈરાદાપૂર્વક જાણી જોઈને કરેલ આર્થિક નુકસાની જવાબદાર તમામ વચ્ચે વસુલવામાં આવે એવી માંગ કરી હતી જેનાં પગલે કમિશનર નગરપાલીકાઓ ગુજરાતરાજય ગાંધીનગર દ્વારા પત્ર લખી પ્રાદેશિક કમિશનર નગરપાલીકાઓ ગુજરાત રાજય ભાવનગર પાસે સ્પષ્ટ અહેવાલ રીપોર્ટ માંગવામાં આવ્યો છે. કેશોદ નગરપાલિકામાં આગામી સોળમી સપ્ટેમ્બરનાં રોજ નવાં પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરવામાં આવનાર છે ત્યારે સતાધારી પક્ષના જ સદસ્યનું ભરતી કૌભાંડ બહાર આવતાં રાજકીય ભૂકંપ સર્જાયો છે. કેશોદ નગરપાલિકાનાં સતાધારી પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિઓને જીલ્લા મથકે તારીખ ૩૧મી ઓગસ્ટે સાંજે સેન્સ પ્રક્રિયા માટે બોલાવ્યા છે.

### કુદરતી આપદાઓનો પ્રતિકાર કરવા માટે

# ગ્રામ્ય સ્તરે V.D.R.F-T.D.R.F નીરચના કરવા ભરત ગાજીપરાનું સુચન

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૩૦
વર્તમાન સરકારમાં કલાઈમેન્ટ ચેન્જના કારણે કુદરતી આપદા, ભારે વરસાદ વિગેરેને કારણે ગ્રામ્ય વિસ્તારમાં ભારે નૂકશાની અને જાનહાનીથઈ રહેલ છે. ભારત સરકાર N.D.R.F અને રાજય સરકારની S.D.R.Fનીટીમ આ આફતો ખાળવા ખડેપગે રહે છે અને ઉમદા કામગીરી પણ કરે છે. તેનું વહીવટી ખર્ચ ભારેખમ આવે છે અને કયારેક ચોકકસ કારણોસર મદદમાં વિલંબ પણ થાય છે. હાલ દેશના પ્રત્યેક રાજયમાંપંચાયતીરાજ વ્યવસ્થા અમલમાં છે.

પ્રથમ તબકકે જિલ્લા પંચાયતની સીટ વાઈઝ જે ૧૫ થી ૩૫ ગામનું એકમ હોય છે વિકલ્પે પ્રત્યેક તાલુકામાં તથા વીલેજ ડીઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ (V.D.R.F) અથવા (T.D.R.F)ની રચના સરકાર કરે તો થઈ શકે તેમ છે. અને વર્તમાન સમયની જરૂરીયાત પણ છે હાલના યુગમાં આ ટીમમાં મીનીયમમ જરૂરીયાત જે.સી.બી, ટ્રેકટર, ઈલેકટ્રીશીયન, સારા તરવૈયા અને હિંમતવાળા યુવાનોની સ્થાનિક ટીમ ૩૦ થી ૫૦ વ્યકિતની જરૂરી સંશાધનો સ્થાનિક લેવલે ઉભા કરી બનાવી શકાય તેમ છે આ ટીમનો કવીક (ઝડપી) રીસ્પોન્સ પણ મળે છે. સ્થાનિક હોવાથી નદી-નાળા, પાણી અને નુકશાનનો ચોકકસ અંદાજ ઝડપથી લગાવી મુશ્કેલીમાં મુકાનાર વ્યકિતને ઝડપથી ઉપયોગી થશે અને ભારત સરકાર N.D.R.F અને રાજય સરકારની S.D.R.Fને અથવા T.D.R.F સજીવની સાબિત થશે તેમજ N.D.R.F આવતાં વિલંબ થાય તેવા સમયે V.D.R.F અને S.D.R.Fને પુરત ઉપયોગી થાય તેમ છે. વર્તમાન સમયમાં આ વ્યવસ્થા ઓછી ખર્ચાળ અને જરૂરી છે. કુદરતી આપદા સમયે મોટુ નુકશાન ગ્રામ્ય વિસ્તારમાં હોય છે અને સહાય સંભવતઃ મોડી પહોંચતી હોય છે ત્યારે આ V.D.R.Fની વ્યવસ્થા ગ્રામીણ ભારત માટે સંજીવની સાબીત થશે.

# વેરાવળ, તાલાલા અને સુત્રાપાડામાંથી ૩૮.૪૭ લાખની વીજ ચોરી ઝડપાઈ

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૩૦
ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, તાલાલા તથા સુત્રાપાડા તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં પીજીવીસીએલની ટીમોએ વીજ ચોરી અંગે ચેકીંગની કામગીરી હાથ ધરેલ જેમાં દોઢસો જેટલા વીજચોરો મળી આવતા રૂા.૩૮.૪૭ લાખના વીજ ચોરીના બીલો ફટકારવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્રભરમાં વીજ ચોરીની ગેરકાયદેસર પ્રવૃત્તિને ડામી દેવા માટે વીજ વિભાગે કમમર કસી કામગીરી હાથ ધરી છે. જે અંતર્ગત ગીર-સોમનાથ જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં વીજ ચોરો સામે ઝુંબેશની કામગીરી કરી છે. જેની વિગત આપતા કાર્યપાલક ઈજનેર વી.એન.કગથરા, નાયબ ઈજનેર જે.જે.કાચાએ જણાવેલ કે, ગીર સોમનાથ જિલ્લા વિભાગીય કચેરી હેઠળના વેરાવળ, તાલાલા તથા સુત્રાપાડા તાલુકાની વીજ કચેરીઓ હેઠળ આવતા જુદા જુદા વિસ્તારોમાં એસ.આર.પી. તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત સાથે પીજીવીસીએલના ઈજનેરોની ૨૫ જેટલી ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી હાથ ધરી હતી. જેમાં રહેણાંક, વાણિજિયક, ખેતીવાડી સહિતના કુલ ૫૫૯ જેટલા વીજ જોડાણોની તપાસ કરવામાંઆવેલ. જેમાંથી ૧૪૯ જોડાણોમાં ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૩૮.૪૭ લાખના વીજચોરીના બીલો ફટકારવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અનેગતિશીલ બનાવામાં આવશે.

# ઉનાના જુના પોલીસ સ્ટેશનમાં આગ ભભુકી

ઉના તા.૩૦ : કોર્ટ વિસ્તારમાં આવેલ જૂના પોલીસ સ્ટેશનમાં આગ લાગી હોવાનું જાણવા મળેછે અને ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી ગયેલ છે. જુના પોલીસ સ્ટેશનમાં ભિષણ આગ લાગતા ૭ કાર તથા અન્ય નાના મોટા વાહનો થયા બળીનેખાખ થયા છે. ઉનાના પીઆઈ સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યા છે. તેમજ ઉના ફાયર બ્રિગેડ ઘટના સ્થળે આગ ઉપર કાબુ મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આગ લાગવાનું કારણ અંક બંધ છે.

# જૂનાગઢ ખેતલીયા દાદા મંદિરે વાર્ષિક પાટોત્સવની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૩૦
જૂનાગઢમાં સેજના ઓટા પાસે હિંગળાજ ફળિયા વિસ્તારમાં આવેલ ખેતલીયા દાદા મંદિરે શ્રાવણ વદ પાંચમના ૪ સપ્ટેમ્બરના સોમવારે વાર્ષિક પાટોત્સવની ઉજવણી અંતર્ગત યજ્ઞ અને બીડુ હોમહવન સહિતનો કાર્યક્રમ યોજાશે. સવારે ૭:૩૦ વાગ્યે યજ્ઞ પ્રારંભ, બપોરે ૧૨:૩૦ વાગ્યે બીડું હોમવામાં આવશે. જેના દર્શનનો તમામ ધર્મપ્રેમી ભાવિકોએ લાભ લેવા ખેતલીયા દાદા મંદિરના વ્યવસ્થાપક વિનુભાઈ કુરાણીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# દ્વારકાધીશ જગતમંદિરમાં આગામી જન્માષ્ટમી મહોત્સવની ભવ્ય ઉજવણી માટે પૂર્વ તૈયારીઓ શરૂ





(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૩૦
આગામી શ્રાવણ વદ આઠમ તા.૭-૯-૨૦૨૩ ને ગુરૂવારના રોજ દ્વારકાધીશના જગતમંદિરમાં જન્માષ્ટમી મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે જગતમંદિરને સુંદર રોશની લાઈટીંગથી સજાવવામાં આવી રહ્યું છે. જગતમંદિરના મોક્ષદ્વાર, સ્વર્ગદ્વાર લાડવા ડેરૂ, જગતમંદિરનું મુખ્ય શિખર તથા મંદિર પરિસરમાં આવેલા નાના-મોટા મંદિરોને લાઈટીંગથી શણગારવામાં આવેલ. નોંધનીય છે કે જન્માષ્ટમી એ દ્વારકામાં ઉજવાતો સમગ્ર વર્ષ દરમ્યાનનો સૌથી મોટો તહેવાર હોય અને આ ઉત્સવમાં મોટી સંખ્યામાં કૃષ્ણભકતો દર્શનાર્થે આવવાના હોય તેથી ઉત્સવ ભવ્ય રીતે ઉજવાય તે માટે પ્રશાસન દ્વારા પૂર્વતૈયારીઓ શરૂ કરાઈ છે.

# જિલ્લા કક્ષાએ ગોલ્ડ મેડલ જીતી સુત્રાપાડા શહેરનું ગૌરવ વધાર્યું



(જાદવભાઈ ચુડાસમા દ્વારા)
પ્રાચી તીર્થ તા.૩૦
સ્કુલ ગેમમાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં જુડોમાં કોડીનાર મુકામે આવેલ દક્ષિણામુર્તિ સંકુલખાતે જિલ્લા કક્ષાની સ્કુલ જેમનુંઆયોજન કરવામાંઆવેલ હતું. જેમાં સુત્રાપાડાના વતની હરેશભાઈ જાદવના પુત્ર દર્વ્ય કુમાર વિનોબા વિધ્યમંદિર કિડીવાવ સ્કુલ તરફથી જુડોની સ્પર્ધામાં અંદર ૧૯માં ૫૦ કેજીમાં ગોલ્ડ મેડલ જીતી રાજય કક્ષાએ સિલેકટ થઈ સમગ્ર કારડીયા રાજપૂત સમાજનું અને સ્કુલનું ગૌરવ વધાર્યું જે બદલ સૌ તરફથી અભિનંદન મળી રહ્યા છે. (તસ્વીર : શૈલેષભાઈ વાળા)

# વેરાવળ સમસ્ત ખારવા સમાજ સાગરપુત્ર ફાઉન્ડેશનના પટેલ તરીકે દામજીભાઈ ધનજીભાઈ ફોફંડીની સર્વાનુમતે વરણી

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૩૦
વેરાવળ સમસ્ત ખારવા સમાજ સાગરપુત્ર ફાઉન્ડેશનના પટેલ તરીકે દામજીભાઈ ધનજીભાઈ ફોફંડીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ તેમજ સમાજના અધ્યક્ષ તરીકે ફરીથી લખમભાઈ ભેસલા, ઉપપટેલ તરીકે ગોવીંદભાઈ વણીક, પદમભાઈ માલમડી, ગોર્વીદભાઈ કુહાડાની પસદગી કરવામાં આવેલ છે. વેરાવળમાં ઘનશ્યામ પ્લોટમાં આવેલ કામનાથ મંદીરના સોમનાથ હોલમાં ખારવા સમાજની પરંપરા પ્રમાણે કામનાથનો ડાયરો રાખવામાં આવેલ. જેમાં દર વર્ષેની જેમ ગત વર્ષાના સમાજના પટેલ કીરીટભાઈ ફોફંડીદ્વારા સમાજના કામકાજ અને હિસાબો રજુ કરેલ જેમાં સામાજીક, ધાર્મીક અન્ય કામકાજો અને વિશેષ શિક્ષણને લઈને સમાજની દીકરીઓ-દીકરાઓને પગભર કરવા, કોમ્પ્યુટર કલાસ, બેજીક કોર્ષ, ટેલી, સ્પોકન ઈંગ્લીશ કલાસ, નેટની પરીક્ષાના કલાસ જેવી શિક્ષણને લગતી તેમજ દીકરા-દીકરીઓ આગળ વધે તે માટેની કામગીરીઓ કરવામા આવેલ તથા સમાજની બહેનોને પગભર કરવા શિવણ કલાસ, રંગોલી સ્પર્ધા સમાજના પાયાના મુખ્ય કામો જે કરેલ જેનાથી ઉપસ્થિત તમામ લોકોએ પટેલ કીરીટભાઈ ફોફંડીની પ્રશક્ષા કરી હતી. ત્યારબાદ નવા વર્ષ માટે નવી નિમણુંકમાં સમાજના પટેલ તરીકે દામજીભાઈ ધનજીભાઈ ફોફંડીની સર્વાનુમતે વરણી કરવામાંઆવેલ તેમજ સમાજના અધ્યક્ષ તરીકે ફરીથી લખમભાઈ ભેસલા, ઉપપટેલ તરીકે ગોવીંદભાઈ વણીક, પદમભાઈ માલમડી, ગોર્વીદભાઈ કુહાડાની પસદગી કરવામાં આવેલ હતી. આ તકે અધ્યક્ષ લખમભાઈ ભેસલા, માજીપટેલ કીરીટભાઈ ફોફંડી, બોટ એસો. પ્રમુખ તુલસીભાઈ ગોહેલ, લોધી જ્ઞાતિ પટેલ મોહનભાઈ ભારાવાળા, નેશનલ પ્રેસીડન્ટ સી ફુડ એકસપોર્ટ એસો. તથા એમપીડાના વાયસ ચેરમેન જગદીશભાઈ ફોફંડી, નગરપાલીકા પ્રમુખ પીયુષભાઈ ફોફંડી, સી. ફુડ એકસપોર્ટ એસો. (ગુજરાન રીઝન્ટ) પ્રમુખ કેતનભાઈ સુયાણી, પુર્વ પ્રમુખ કિશનભાઈ ફોફંડી, માલમડી બેઠક, ભાતલી બેઠક, ધાનખાઈ બેઠક, પાનખાઈ બેઠક, દાણા બેઠક, ભેસલા બેઠક, ઉપલા ગોધા બેઠક, ડેલા બેઠક, ખાંપડી બેઠક, દાબડીયા બેઠક, મુકાદમ બેઠક, મસાણી બેઠક, ભીખા હયાત બેઠક સહીતના પટેલો આગેવાનો, પંચ, પટેલો ઉપસ્થિત રહયા હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# થલસેના ભરતી રેલી-૨૦૨૩ અન્વયે યોજાનાર સંરક્ષણ ભરતી પુર્વ નિવાસી તાલિમ વર્ગમાં જોડાવા બાબત

જૂનાગઢ,તા. ૩૦

જૂનાગઢ જિલ્લાના ખમીરવંતા યુવાનો અગ્નિપથ યોજના અંતર્ગત અગ્નિવીર તરીકે સંરક્ષણક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરી શકે તેવા હેતુસર સરકાર દ્વારા સંરક્ષણ ભરતી પૂર્વે નિવાસી તાલીમ વર્ગ યોજના અમલીકૃત છે.

સપ્ટેમ્બર માસમાં ૨૦૨૩ માં ભુજ ખાતે અગ્નિપથ યોજના અંતર્ગત લેખિત કસોટી ઉત્તીર્ણ થયેલ યુવાનો માટે શારીરિક ક્ષમતા કસોટી યોજાનાર છે. જેમાં જૂનાગઢ જિલ્લાના યુવાનો શ્રેષ્ઠ દેખાવ કરી શકે અને પસંદગીના તમામ તબક્કાઓ ઉત્તીર્ણ કરી રાષ્ટ્ર સેવામાં જોડાય શકે તેવા હેતુસર નિવાસી તાલીમ વર્ગનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને જિલ્લા પોલીસ તંત્ર જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડ, જયશ્રી રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવનાર છે.

અગ્નિપથ યોજના અંતર્ગત અગ્નિવીર માટેની લેખિત કસોટી ઉત્તીર્ણ કરેલ હોય તેવા એડમીટ કાર્ડ ધરાવતા ફકત પુરૂષ ઉમેદવારો માટે તાલીમ વર્ગમાં જોડાવા હેતુ આયોજિત ખાસ પ્રિ-સ્ક્રુટીની માટે તારીખઃ ૩૧/૦૮/૨૦૨૩ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. તાલીમવર્ગમાં જોડાયેલ યુવાનોને સઘન અને અસરકારક શારીરિક અને માનસિક કસોટીની તૈયારી તેમજ રહેવા અને જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા અને નિયત સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે. પસંદગી માટે ઉપસ્થિત થનાર યુવાનોએ થલસેના ભરતી રેલી માટે ઓનલાઈન અરજી કરેલ અરજીની નકલ, લેખિત પરીક્ષા ઉત્તીર્ણ કરી મેળવેલ એડમીટ કાર્ડની નકલ, આધારકાર્ડની નકલ,પાનકાર્ડની નકલ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ નંગ-૨, બેંકપાસબુકની નકલ તેમજ એન.સી.સી.નું પ્રમાણપત્ર ધરાવતા હોય તો તેની નકલ સાથે લાવવી ફરજીયાત છે. પસંદગી પ્રકિયામાં નિયત માપદંડોની નિયમોનુસાર ચકાસણી કરવામાં આવશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરીના ટે.નં. ૦૨૮૫-૨૬૨૦૧૩૯ સંપર્ક કરવા અધિકારી (સા.) દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લા કક્ષાની નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી આલ્ફા વિદ્યાલય વડાલ ખાતે યોજાઈ




જૂનાગઢ, તા.૩૦

હોકીના જાદુગર મેજર ધ્યાનચંદના જન્મદિવસની રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે સ્પોટ્‌સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ૨૧ ઓગસ્ટ ૨૮ ઓગસ્ટ સુધી જૂનાગઢ જિલ્લાની સ્કૂલ અને બીએલએસએસ માં સ્પોર્ટ ની ઉજવણી કરવામાં આવી હતી અને ૨૯મી ઓગસ્ટ રમત દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉજવાયો હતો. જૂનાગઢ જિલ્લા કક્ષા સ્પોટ્‌સ ડે ની ઉજવણી શ્રી આલ્ફા વિદ્યાલય વડાલ ખાતે ઉજવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડીએલએસએસના વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જિલ્લા રમત વિકાસ અધિકારી જૂનાગઢ શ્રી ગૈરાંગ નરે દ્વારા મેજર ધ્યાનચંદના જીવન ચરિત્ર ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઉજવણી દરમ્યાન અધિકારીઓ, પદાધિકારીઓ, વ્યાયામ, શિક્ષકો, વાલીઓ, કોચ, ટ્રેનર અને વિદ્યાર્થીઓ એ હોકીની રમત, પેનલ્ટી શૂટ આઉટ, રસ્સાખેંચ જેવી અનેક રમતોમાં ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી, આચાર્ય, જૂનાગઢ જિલ્લાના વ્યાયામ શિક્ષકો, ડીએલએસએસના કોચ અને ટ્રેનર હાજર રહ્યા હતા. જયારે સમગ્ર કાર્યક્રમનું એનાઉન્સમેન્ટ હારૂન વિહળદ્વારા કરવામાં આવ્યું હતુ. અને સંચાલન જિલ્લા રમત વિકાસ અધિકારી જૂનાગઢ મેનેજર કનકસીંહ ખેર અને યશવંતસિંહ ડોડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા રક્ષાબંધન પર્વની થયેલ ઉજવણી

જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા તેના હસ્તકના સખીવન સ્ટોપ સેન્ટર, ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટરનાં કર્મચારીઓ દ્વારા જિલ્લા જેલનાં કર્મચારીઓ અને કેદીઓ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

આ તકે જેલનાં કેદીઓ કે જેઓ પોતાના પરિવારથી દુર છે તેમને રાખડી બાંધતા ભાવુક દ્રશ્યો સર્જાયા હતાં. ઉપરાંત પોલીસ કર્મચારીઓ, ટ્રાફિક બ્રિગેડનાં જવાનો, સેલટર રૂમ મહા નગરપાલિકા, ચિલ્ડ્રન હોમનાં બાળકો તથા વરિષ્ઠ નાગરિકોને રાખડી બાંધવામાં આવી હતી અને મહિલા સુરક્ષાનું વચન લેવામાં આવ્યું હતું.






# જીલ્લા માહિતી કચેરી- જૂનાગઢના સિનિયર ક્લાર્ક ભાલચંદ્ર વિંઝુડાની બઢતી સાથે બદલી થતા ભાવભેર વિદાયમાન અપાયું

## જીલ્લા માહિતી પરિવારે શાલ ઓઢાડી અને શ્રીફળ પળો અર્પણ કરી, શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા : નાયબ માહિતી નિયામક એન.એમ. મહેતાની અધ્યક્ષતામાં વિદાય સમારોહ યોજાયો



જૂનાગઢ, તા.૩૦

જિલ્લા માહિતી કચેરી- જૂનાગઢના સિનિયર ક્લાર્ક ભાલચંદ્ર વિંઝુડાની સહાયક અધિક્ષકની જગ્યા ઉપર પોરબંદર ખાતે બઢતી સાથે બદલી થતાં ભાવભેર વિદાયમાન આપવામાં આવ્યું હતું. જિલ્લા માહિતી કચેરીના વડા નાયબ માહિતી નિયામક એન.એમ. મહેતા અધ્યક્ષતામાં જિલ્લા માહિતી પરિવાર દ્વારા ભાલચંદ્ર વિંઝુડાને શાલ ઓઢાડી અને શ્રીફળ અને પળો અર્પણ કરી, બઢતી માટે અભિનંદન તથા સહાયક અધિક્ષક તરીકેની નવી જવાબદારીઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે નાયબ માહિતી નિયામક એન.એમ.મહેતાએ ભાલચંદ્ર વિંઝુડાની જિલ્લા માહિતી કચેરીમાં આશરે ૧૨ વર્ષની સુદીર્ઘ સેવાઓની નોંધ લીધી હતી અને તેમની સાથેના સેવાકાળ દરમ્યાનના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમણે શ્રી વિંઝુડાની કાર્યનિષ્ઠા પ્રેરણાદાયી ગણાવતા કહ્યું કે, સમર્પિત ભાવ સાથે કામ કર્યું છે, તેઓની વહીવટી સુજબુજ સાથે કાર્ય કુશળતાની ખોટ તો પડવાની છે. તેમ જણાવતા શ્રી વિંઝુડાને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ઈન્ચાર્જ સિનિયર સબ એડિટર ક્રિષ્નાબેન સિસોદિયાએ વહીવટી કુશળતાઓની પ્રશંસા કરી હતી અને કોઈપણ વહીવટી મુશ્કેલીઓ કે, કચેરીની અન્ય મુશ્કેલીઓ નિવારવા અને મદદ હંમેશા તૈયાર હોય છે. આમ, એક સાથી કર્મચારીની સાથે પરિવારના સભ્યની જેમ તેમની કામગીરી રહી છે. આ તકે ફીલ્મ ઓપરેટર અને કેમેરામેન અશ્વિન પટેલે ભાલચંદ્ર વિંઝુડાની કાર્ય કુશળતાની સરાહના કરી હતી અને તેમની સાથેના સેવાકાળ દરમ્યાનના અનુભવોનો પણ સઆનંદ ઉલ્લેખ કર્યો હતો. તેમણે આ સમગ્ર વિદાય સમારોહનું પણ સુપેરે સંચાલન કર્યુ હતું. જિલ્લા માહિતી કચેરીના કર્મચારીગણ સર્વ રોહિત ઉસદડ, તુષારદાન ગઢવી, સરમણ ભજગોતર, રાહુલ હેરભા, ચંદુભાઈ સોલંકી, પંકજભાઈ બરેજા પ્રસંગોચિત પ્રતિભાવ આપ્યા હતા. ઉપરાંત ડી. આર. વાજા, રૂકસાનાબેન કુરેશી, પુનિત ગોહેલ અને મનોહરભાઈ નેભનાણીએ ભાલચંદ્ર વિંઝુડાને શુભેચ્છા સહ અભિનંદન આપ્યા હતા.

# બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ જૂનાગઢમાં પંચ પ્રકલ્પ અંતર્ગત ઈન્ટર ક્લાસ રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ




જૂનાગઢ, તા.૩૦

બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ, જુનાગઢ મુકામે તા.૨૯/૮/૨૦૨૩ને મંગળવારના રોજ અત્રેની કોલેજના આચાર્ય ડો.પી. વી. બારસીયાના માર્ગદર્શન હેઠળ ઈન્ટર કલાસ રસ્સા ખેંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૪૦ જેટલા ખેલાડી ભાઈઓએ અને ૧૬ જેટલી ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાઈઓની કુલ ૪ અને બહેનોની કુલ ૨ ટીમ બનાવવામાં આવી હતી અને તેમની વચ્ચે નોકઆઉટ પધ્ધતિ પ્રમાણે સ્પર્ધા રમાડવામાં આવી હતી. સ્પર્ધાના અંતે વિજેતા થનાર ટીમનો અધ્યાપકો સામે મેચ રમાડવામાં આવ્યો હતો. આ સ્પર્ધાનો હેતુ ભારતીય ગ્રામીણ રમતોને પ્રોત્સાહન આપવું અને તેનો પ્રચાર પ્રસાર કરવાનો હતો. વિદ્યાર્થીઓમાં રસ્સા ખેંચ રમત પ્રત્યે રસરૂચિ વધે તથા તેમનામાં ખેલદિલી, દેશભક્તિ અને સારા સ્વાસ્થયનું નિર્માણ થાય તેવા ઉદેશ્ય સાથે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પંચ પ્રકલ્પ સમિતિ અધ્યક્ષ ડો.ચંદ્રકાંત એમ. વણકર અને પી.ટી.આઈ. ડો.એમ. આર. કુરેશીએ અત્રેની કોલેજના આચાર્ય ડો.પી. વી. બારસીયાના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. આ સ્પર્ધાની વ્યવસ્થામાં મદદરૂપ થવા માટે બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ, જુનાગઢમાં કાર્યરત એનએસએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર એચ. એમ. રાજયગુરૂ તથા કુલ ૧૦ સ્વયંસેવક ભાઈઓએ સેવા આપી હતી. આ સ્પર્ધાના આયોજનથી વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રોત્સાહિત થયા હતા. સમગ્ર સ્ટાફ ગણ અને વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# સુત્રાપાડાના લાટી ગામે પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે અદભૂત શ્રૃંગાર



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૩૦

સુત્રાપાડાના લાટી ગામના બજરંગ ગૃપના યુવાનો દ્વારા પવિત્ર શ્રાવણના બીજા સોમવાર દિવસે આપણા દેશનું ગૌરવ ચંદ્રયાન ૩નો અદભુત શ્રૃંગાર તથા તેની સાથે સાથે શ્રીમદ ભગવદ ગીતાના ૧૮ અધ્યાયની માહીતી સાથે યુવાનો દ્વારા ટેકનોલોજીની સાથે વૈદિક સંસ્કૃતિનો સમન્વય સાથે શ્રૃંગાર શિવમન્ડિતમ કરવામાં આવેલ. આ તકે હજરો લોકોએ દર્શનનો લાભ લીધો હતો.

# શ્રી સિધ્ધેશ્વર મહાદેવ મંદિરમાં બાળ શિવ સ્વરૂપના દર્શનનો લાભ લેતા ભાવિકો



જૂનાગઢ, તા.૩૦ : પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવાર નિમિત્તે શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિરમાં બાળ શિવ સ્વરૂપના ભવ્ય દર્શનનો શણગાર કરવામાં આવ્યો છે જેના દર્શન કરવા ભકતો આવી રહ્યા છે. ખાસ કરીને બાળ શિવ સ્વરૂપ આજ દિવસ સુધી કોઈ જ મંદિરમાં દર્શનાર્થે બનાવવામાં આવેલ નથી ત્યારે અહી બાળકોના મન શિવનું મનમોહક સ્વરૂપ જોઈ બાળકો પણ ખુશ થઈ રહ્યા છે.

# એશિયન પેઈન્ટના 'સ્માર્ટકેર હાઈડ્રોલોક એક્સ્ટ્રીમ' સાથે તમારી વોટરપ્રૂફીંગ ગેઈમને લેવલ અપ કરો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦

હવેપાણીના લીકેજનેવિદાય આપો કેમ કે એશિયન પેઈન્ટ્સ **SmartCare Hydroloc xtreme'** (સ્માર્ટકેર હાઈડ્રોલોક એક્સટ્રીમ') સાથે એકશનમાં આવી ગઈ છે, જે બ્રાન્ડ એમ્બેસેડર રણબીર કપૂર અને પીવી સિંધુ સાથે ઈન્ટેરિયર વોટરપ્રુફીંગ માટેનો અંતિમ ઉકેલ છે. કાર્યરત ફીચર્સની રેન્જ સાથે હાઈડ્રોલોક એક્સટ્રીમ તીવ્ર વોટરપ્રૂફીંગની સમસ્યાઓ જેમ કે ભેજ અને એફલરેસન્સ સામે અતુલનીય રક્ષણ પ્રદાન કરે છે.સ્માર્ટકેર હાઈડ્રોલોક એક્સટ્રીમ લગાવવામાં સરળ એવું ઈન્ટરિયર વોટરપ્રૂફીંગ ઉકેલ છે જેની ડિઝાઈન દરેક વોટરપ્રૂફીંગ જરૂરિયાત ઉપર પ્રયત્નો વિના લગાવી શકાય તે રીતે ડિઝાઈન કરવામાં આવી છે.

સમગ્ર દેશમાં પ્રવર્તી રહેલી આત્યંતિક હવામાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, એશિયન પેઈન્ટ્સ ઘર માલિકોને ભેજ અને એફલરેસન્સ જેવી ગંભીર વોટરપ્રૂફિંગ સમસ્યાઓ માટે અનુકૂળ અને અસરકારક ઉકેલ પૂરો પાડવા માટે આગળ વધે છે. પરંપરાગત પદ્ધતિઓથી વિપરીત જેમાં પ્લાસ્ટરના તૂટવા અને વ્યાપક સિવિલ વર્કનો સમાવેશ થાય છે. હાઈડ્રોલોક એક્સ્ટ્રીમ સીધા પ્લાસ્ટર સ્તરે લાગુ કરી શકાય છે, બીના તોડ ફોડ એક મુશ્કેલી-મુક્ત અનુભવ અને ખૂબ જ જરૂરી મનની શાંતિ સુનિશ્ચિત કરે છે. તેની સરળ એપ્લિકેશન અને શ્રેષ્ઠ પ્રદર્શન સાથે, એશિયન પેઈન્ટ્સ સ્માર્ટકેર હાઈડ્રોલોક એક્સટ્રીમ ઈન્ટેરિયર વોટરપ્રૂફીંગના અંતિમ ચેમ્પિયન તરીકે ઉભરી આવે છે.

સ્માર્ટકેર હાઈડ્રોલોક એક્સ્ટ્રીમ અસાધારણ ભેજ પ્રતિરોધકતા પૂરી પાડે છે, જે ૯૦% સુધી ભેજનું પ્રમાણ ધરાવતા ઘટક ઉપર લાગુ કરી શકાય છે. આ ઊંચો ભેજ પ્રતિરોધકતા એ સુનિશ્ચિત કરે છે કે ઉત્પાદન પડકારજનક પરિસ્થિતિમાં પણ શ્રેષ્ઠ કામગીરી બજાવે છે.

લોન્ચ અને ટીવીસી વિશે બોલતા, એશિયન પેઈન્ટ્સ લિમિટેડના એમડી અને સીઈઓ, અમિત સિંગ્લેએ જણાવ્યું હતું કે, "એશિયન પેઈન્ટ્સમાં, અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા અમારા ગ્રાહકોને ઘરે બેઠા તણાવમુકત જીવન પ્રદાન કરવાની છે. વ્યાપક બજાર સંશોધન હાથ ધર્યા પછી, અમે જાણ્યું કે વોટરપ્રૂફીંગ દિવાલોની પ્રક્રિયા ઘણી પડકારજનક હોઈ શકે છે, જેમાં ઘણીવાર તૂટવાનું જોખમ હોય છે. ત્યારે અમે ગર્વથી એશિયન પેઈન્ટ્સ સ્માર્ટકેર હાઈડ્રોલોક વોટરપ્રૂફિંગનું એક્સ્ટ્રીમ રજૂ કરીએ છીએ - જે આંતરિક વોટર લિંગનું ભવિષ્ય છે. માર્કર હાઈડ્રોલોક એટ્રોયના મુખ્ય ફાયદાઓમાંનો એક તેની ઝંઝટ-મુક્ત અને વપરાશકર્તા લક્ષી પ્રકૃતિ છે.

# સહયોગને કારણે પેરા-એથેલેટ મીતા પંડ્યાને રમત ક્ષેત્રે સફળતા મળી

## તુલસી ટીના એમડી હરેશ કથરોટીયાના નાણાંકિય સહયોગને કારણે ભારે પરિવર્તન આવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ઘણીવાર વ્યક્તિને શ્રેષ્ઠ કામગીરી બજાવવા માટે સહયોગ અને પ્રોત્સાહનની જરૂર હોય છે. કંઈક આવું જ પેરા-એથેલેટ મીતા પંડ્યાના કિસ્સામાં બન્યું છે, ૪૨ વર્ષની મીતા પોલિયોનો ભોગ બનેલી છે, પરંતુ રમતોમાં તેની અભિરૂચિને દિવ્યાંગતાને આડે આવા દીધી નથી. મૂળ મથુરાની વતની મીતા હાલમાં અમદાવાદમાં નિવાસ કરી રહી છે. મીતાએ ગોળા ફેંક (શોર્ટપુટ)માં ઉત્તમ દેખાવ કર્યો હતો, પરંતુ એશિયન ગેમ્સ અને ઓલિમ્પિકસમાંથી ગોળા ફેંકને બાદ કરાતાં મીતાએ ચક્ર ફેંક (ડિસ્ક થ્રો) અને ભાલા ફેંક (જેવેલિન થ્રો)માં ભાગ લેવાનું શરૂ કર્યુ હતું.

મીતાની આર્થિક સ્થિતિ નાજુક છે એવું જાણ્યા પછી, તુલસી ટીના મેનેજિંગ ડિરેક્ટર હરેશ કથરોટીયાએ મીતાને તરત જ ટેકો આપ્યો અને છેલ્લા ૩ વર્ષથી તેને પ્રોત્સાહક મદદ કરી રહ્યા છે.

મીતાના ભારે પરિશ્રમ થી મે-૨૦૨૧માં સ્વિટ્ઝર્લેન્ડ ખાતે યોજાયેલ ચક્ર ફેંકની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો હતો. આ સિધ્ધિને કારણે મીતાને ગાંધીનગરની સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં પ્રવેશ મળ્યો હતો. અને તેને બેંગ્લોરમાં યોજાયેલ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો અને ભાલા ફેંકમાં ચોથું સ્થાન પ્રાપ્ત કરીને પોતાની ક્ષમતા પૂરવાર કરી હતી.

શ્રી કથરોટીયા જણાવે છે કે, "મેદાનમાં પોતાની સિધ્ધિ મારફતે દેશને ગૌરવ અપાવનાર મીતાને સહાય કરી મારી જાતને અહોભાગી સમજુ છું. અમે દેશને ગૌરવ અપાવનાર મીતા તથા અન્ય રમતવીરોને યોગ્ય સહાય કરવા માટે કટિબધ્ધ છીએ."

શ્રી કથરોટીયાની ઉદાર નાણાંકિય સહાય મીતાને તેની રમત ક્ષેત્રે સિધ્ધિઓ હાંસલ કરવાની મહેચ્છામાં ખૂબ જ ઉપયોગી નિવડી છે. તેમણે જેવલિન અને શોટ પુટ બોલ્સ જેવા મહત્વના સ્પોર્ટસ ઈક્વિપમેન્ટસ માટે મીતાને સહાય કરી હતી. વધુમાં, તેમણે વર્લ્ડ ચેમ્પિયનશીપ, ટ્રાયલ અને ગ્રાન્ડ પ્રીકસ ઓપન ટુર્નામેન્ટ જેવી વિવિધ ટુર્નામેન્ટમાં જવા માટે નોંધપાત્ર નાણાંકિય સહાય પણ કરી હતી. તેમણે મીતાને આવશ્યક સાધનો પૂરાં પાડવાની ખાત્રી આપી છે કે જેથી તે આકરી તાલિમ માટે જરૂરી પ્રોટીન સપ્લિમેન્ટસ, દવાઓ વગેરે મેળવી શકે. તુલસી ટી એ ગુજરાતની અત્યંત લોકપ્રિય ટી બ્રાન્ડ છે અને અર્ધ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં નોંધપાત્ર બજાર હિસ્સો ધરાવે છે. તુલસી ટી બ્રાન્ડ ચા મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં પણ ઉપલબ્ધ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# રાષ્ટ્રીય હિત માટે જોખમી વલણ

લદ્દાખની મુલાકાતે ગયેલા રાહુલ ગાંધીએ કથિત રીતે ત્યાંના સ્થાનિક લોકોના હવાલાથી જે દાવો કર્યો કે ચીને તેની ગૌચરની જમીન પડાવી લીધીછે, તેનાથી એ જ ખબર પડે છે કે તેમને ના તો વડાપ્રધાનની વાત પર વિશ્વાસ છે, ના રક્ષા મંત્રીની કે ના વિદેશ મંત્રીની. એ પણ સ્પષ્ટ છે કે તેમને શીર્ષ સૈન્ય અધિકારીઓ પર પણ ભરોસો નથી. ધ્યાન રહે, તેઓ સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક પર પણ વાહિયાત સવાલો ઉઠાવી ચૂક્યા છે. રાહુલ ગાંધી આવા દાવા પહેલાં પણ કરતા આવ્યા છે કે ચીને આપણી જમીન પડાવી લીધી છે. એવા દાવા કરીને તેઓ વડાપ્રધાનને માત્ર કમજોર દેખાડવાની જ કોશિશ નથી કરતા, પરંતુ સેનાનું મનોબળ તોડવાનું પણ કામ કરે છે. એનાથી પણ ખરાબ વાત એ છે કે તેઓ ચીનના એજન્ડાને આગળ વધારતા દેખાય છે. તેનું આ વલણ નવું નથી. એ ભૂલી ન શકાય કે ડોકલામ વિવાદ સમયે તેઓ ભારતીય વિદેશ મંત્રાલયને જણાવ્યા વિના જ કઈ રીતે ચીની રાજદૂતની મુલાકાત કરવા પહોંચી ગયા હતા. જ્યારે આ મુલાકાતનો ભંડાફોડ થયો ત્યારે તેમણે વિચિત્ર દાવો કર્યો કે તેઓ વસ્તુસ્થિતિ જાણવા માટે ચીની રાજદૂતને મળ્યા હતા. શું આનાથી વધુ બેજવાબદાર હરકત કોઈ બીજી હોઈ શકે?

રાહુલ ગાંધી આવું આચરણ એટલા માટે કરે છે, કારણ કે તેમને શાસન સંચાલનની રીતભાતનો કશો અનુભવ નથી. તેમની જેમ જ સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ કશી જવાબદારી લીધા વિના જ પડદા પાછળથી સંચાલન કરવામાં વિશ્વાસ ધરાવે છે. કોંગ્રેસની મજબૂરી એ છે કે તે ગાંધી પરિવારની કાખઘોડી વિના ચાલી શકે તેમ નથી. ચીન સાથે સીમા વિવાદને લઈને રાહુલ ગાંધી જ્યારે-ત્યારે વડાપ્રધાનને નીચા દેખાડવાના ઈરાદે એલફેલ દાવા કરતા રહે છે, પરંતુ તેઓ એ નથી કહેતા કે ૨૦૦૮માં પોતાની બેજિંગ યાત્રા દરમ્યાન સોનિયા ગાંધી અને તેમણે કમ્યુનિસ્ટ પાર્ટી સાથે સમજૂતી કેમ કરી હતી? આજ સુધી એ સવાલનો જવાબ પણ મનથી મળ્યો કે આખરે રાજીવ ગાંધી ફાઉન્ડેશનન ચીની દૂતાવાસ પાસેથી ફંડ લેવાની જરૂર કેમ પડી? રાહુલ એ પણ ભૂલ્યા નહીં હોય કે તેમના દાદા જવાહરલાલ નેહરૂના સમયે ચીને કઈ રીતે પહેલાં તિબેટ આંચકી લીધું અને પછી ૧૯૬૨ના યુદ્ધમાં ભારતની ૪૫૦૦૦ ચોરસ કિલોમીટર જમીન પર કબ્જો કરી લીધો. આજે જ્યારે ભારત ચીનના વિસ્તારવાદી વલણ વિરુદ્ધ ટટ્ટાર ઊભું છે અને તેને તેની જ ભાષામાં જવાબ આપી રહ્યું છે તો રાહુલ ગાંધી જાણીજોઈને વડાપ્રધાનની એક સશક્ત છબિ તોડવાની નિષ્ફળ કોશિશો કરી રહ્યા છે. તેઓ અંધ વિરોધને કારણે તમામ હદો ઓળંગતા જાય છે. તેઓ એ બુનિયાદી વાત સમજવા તૈયાર નથી કે જ્યારે રક્ષા અને વિદેશ નીતિ બાબતે રાજકીય વર્ગો એક સૂરમાં ન બોલે તો તેનાથી રાષ્ટ્રીય હિતોને આઘાત પહોંચે છે.

## શ્રાવણ સત્સંગ

# બ્રહ્માજીના પત્ની સાવિત્રી દેવી એ કરેલી શિવ આરાધના



પિતામહ બ્રહ્માજીના પત્ની સાવિત્રી દેવીએ મૃત્યુલોકના લોકોના કલ્યાણ માટે પવિત્ર પ્રભાસ ક્ષેત્રમાં શિવજીના લિંગની વિધીવત્ સ્થાપના કરી. ત્યાર બાદ નિયમિત રીતે તેની વિધીસાર પુજા કરતાં કરતાં ઈન્દ્રીયોને વશમાં કરી અન્ન-જળનો પણ ત્યાગ કરી કેવળ વાયુનો આશ્રય લઈ ભગવાન શિવજીના ધ્યાનમાં તે તલ્લીન થઈ ગયા.

સાવિત્રી દેવીની આવી ઉગ્ર તપસ્યાથી આખરે પ્રસન્ન થઈ અને દેવાધિદેવ મહાદેવ ત્રિશુલ સહિત સાક્ષાત પ્રગટ થયા. સાક્ષાત શિવજી દર્શન કરી તેમણે સ્તુતિ કરવા માંડી, 'હે દેવાધિદેવ, આ સમગ્ર જગત તમારાથી જ ઉત્પન્ન થાય છે અને તમારામાં જ લય પામે છે. આપ સનાતન રૂપ છો. સત્ય કામના વાળા સજજન લોકો માટે તમે ઉત્તમ છો. મુક્ત લોકો માટે અપવર્ગ રૂપ છો. આત્મ જ્ઞાનિયો માટે કેવલ્યરૂપ છો. જે પ્રાણીમાત્ર શ્રધ્ધા અને ભક્તિપૂર્વક તમારા શરણે આવે છે અને તેને આપ દ્રશન આપો છો. જે તારા સાક્ષાત સ્વરૂપના દર્શન કરે છે તે પ્રાણીનો ક્યારેય પૂનર્જન્મ નથી થતો. તેને મરણનો પણ ભય નથી રહેતો. તેને કશુ જાણવાનું કંઈ બાકી નથી રહેતું.

આ પ્રકાશે સાવિત્રીજીની સ્તુતિ સાંભળી અને તેમના અંતઃકરણનો અભિપ્રાય જાણી બ્રહ્મેશ્વર ભગવાન શિવજી બોલ્યા, 'જે મનુષ્ય પૂર્ણિમા તિથિએ ચંદન, પુષ્પ વગેરે ઉપકરણો વડે તમે સ્થાયેલા આ શિવલીંગની વિધિવત્ પુજા કરશે, તેને હું ઈચ્છીત વરદાન આપીશ. હવેથી આ શિવલીંગમાં હું અંશથી નિવાસ પણ કરીશ. તેનું પુજન કરનારા મહાપાપી હશે તો પણ તે બધાજ પાપોથી છુટી જઈ, તમામ સારી મનોકામનાઓથી પૂર્ણ થઈ તે મારા લોકને પામશે.'

આ વરદાન આપી શિવજી અન્તાધ્યાન થઈ ગયા અને સાવિત્રી દેવી બ્રહ્મલોકમાં ગયા.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના નવા એનર્જી બિઝનેસમાં રૂ. ૭૫,૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે, જ્યારે જામનગર રિફાઈનરીની ફોક્સ કેમિકલ ઉત્પાદન ઉપર રહે છે

# જામનગરમાં ૨૦૨૬ સુધીમાં રિલાયન્સ ગીગાફેક્ટરી બનાવશે

જામનગર,તા.૩૦

રિલાયન્સ AGM ૨૦૨૩માં તેમના સંબોધનમાં RILના ચેરમેન મુકેશ અંબાણીએ જાહેરાત કરી હતી કે, જૂથ ૨૦૨૬ સુધીમાં બેટરી ગીગા ફેક્ટરી સ્થાપશે. આ સુવિધા ગુજરાતના જામનગરમાં સ્થાપિત કરવામાં આવશે. મુકેશ અંબાણીએ કહ્યું કે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના નવા એનર્જી બિઝનેસમાં રૂ. ૭૫,૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે. જ્યારે જામનગર રિફાઈનરીની ફોકસ કેમિકલ ઉત્પાદન પર રહે છે.

RIL કંપનીના નવા ઉર્જા કારોબાર માટે સતત નવા રોકાણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. Jio Financial Services નો રોડમેપ રજૂ કરતા મુકેશ અંબાણીએ કહ્યું કે Jio Fin વીમા ક્ષેત્રમાં પ્રવેશ કરશે, આ માટે વૈશ્વિક નેતાઓ સાથે ભાગીદારી કરવામાં આવશે. મુકેશ અંબાણીએ કહ્યું કે Jio ફાયનાન્સિયલ સર્વિસદ્વારા ૧૪૨ કરોડ ભારતીયોને નાણાકીય સેવાઓ પૂરી પાડવામાં આવશે. તેમણે કહ્યું કે Jio ફાઈનાન્શિયલ સર્વિસ બ્લોકચેન અને CBDT આધારિત પ્રોડક્ટ્સ લોન્ચ કરશે, જેમાં જીવન અને સ્વાસ્થ્ય વીમો શામેલ હશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ૪૬મી વાર્ષિક સામાન્યસભાને સંબોધતા મુકેશ અંબાણીએ કહ્યું કે, ભારતમાં વિશ્વનું નેતૃત્વ કરવાની ક્ષમતા છે. ભારત ન તો અટકે છે, ન થાકે છે કે હારે છે.

પોતાના સંબોધનની શરૂઆતમાં તેમણે ચંદ્રયાન-૩ની સફળતાનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ સાથે તેમણે કહ્યું કે, નવી રિલાયન્સ ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે. આ દરમિયાન તેમણે કહ્યું કે ઈશા-આકાશ અને અનંત અંબાણીનો રિલાયન્સના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સમાવેશ કરવામાં આવશે અને નીતા અંબાણી અલગ થઈ જશે. મુકેશ અંબાણીએ રિલાયન્સનો પાયો નાખનાર પોતાના પિતા અને સ્વર્ગસ્થ ધીરુભાઈ અંબાણીને યાદ કરતાં મુકેશ અંબાણીએ કહ્યું કે, રિલાયન્સે 'પાવર ઓફ ડ્રીમ' સાબિત કર્યું છે. આજે અમે રિલાયન્સ વિશે જે સપનું જોયું હતું તે દરેક સપનું પૂરું કર્યું છે. હવે રિલાયન્સનું લક્ષ્ય આગામી સમયમાં દરેક ભારતીયના હાથમાં ડિજિટલ ટેક્નોલોજીની શક્તિ પહોંચાડવાનું છે. રિલાયન્સ ફાઉન્ડેશનના વડા નીતા અંબાણીએ કહ્યું કે, અમારું વિઝન ભારતને વિશ્વ કક્ષાનું સાંસ્કૃતિક કેન્દ્ર બનાવવાનું છે. તેમના ડ્રીમ પ્રોજેક્ટ કલ્ચરલ સેન્ટર નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર (NMACC) તાજેતરમાં મુંબઈમાં ખોલવામાં આવેલા જબરજસ્ત પ્રતિસાદ વિશે વાત કરતાં, તેમણે કહ્યું કે તેના ઉદ્ઘાટન પછી ૨૦ લાખથી વધુ લોકોએ તેની મુલાકાત લીધી છે. મુકેશ અંબાણીએ કહ્યું કે ૨૦૩૫ સુધીમાં અમે નેટ કાર્બન ઝીરોના લક્ષ્ય તરફ કામ કરી રહ્યા છીએ. આ માટે ગ્રીન એનર્જી ઝડપથી વિકસાવવામાં આવી રહી છે. અમારો ટાર્ગેટ કાર્બન ફાઈબરમાં વિશ્વની ટોચની ત્રણ કંપનીઓમાં સામેલ થવાનો છે. આપણે અશ્મિભૂત બળતણમાંથી ગ્રીન એનર્જી તરફ આગળ વધી રહ્યા છીએ. આવનારા કેટલાક વર્ષો આપણા માટે પરિવર્તનકારી હશે. Jioના એર ફાઈબરની રાહ પૂરી થઈ ગઈ છે, તે ગણેશ ચતુર્થી એટલે કે ૧૯ સપ્ટેમ્બરે લોન્ચ થશે. Jio Air Fiber 5G નેટવર્ક અને અત્યાધુનિક વાયરલેસ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઘરો અને ઓફિસોમાં વાયરલેસ બ્રોડબેન્ડ સેવા પ્રદાન કરશે. Jio Air Fiberના લેન્ડિંગને કારણે ટેલિકોમ્યુનિકેશનના ક્ષેત્રમાં ઉથલપાથલ થવાની સંભાવના છે. તમને જણાવી દઈએ કે, Jio એર ફાઈબરની મદદથી તમને વાયર વગર ફાઈબર જેવી હાઈ સ્પીડ મળશે.

ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિકનો આક્ષેપ

# પહેલાની સરકારોને ઈસરો ઉપર ભરોસો નહતો : નંબી નારાયણ

નવી દિલ્હી, તા.૩૦

ભારતના ચંદ્રયાન-૩નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ થઈ ગયું છે. ઈસરોએ ચંદ્રયાન-૩ ચંદ્રનું દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડ થયા બાદ ઈતિહાસ રચી દીધો છે. ઈસરોના પૂર્વવૈજ્ઞાનિક નંબી નારાયણે જણાવ્યું કે, પહેલાની સરકારોને ઈસરો પર વિશ્વાસ નહોતો. આ જ કારણ છે કે, ભારતીય સ્પેસ એજન્સીને પૂરતા પ્રમાણમાં બજેટ આપવામાં નહોતું આવતું. ઈસરોના શરૂઆતના દિવસો વિશે વાત કરતા નંબી નારાયણનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો બીજેપીએ પણ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યો છે. વીડિયોમાં ઈસરોના પૂર્વવૈજ્ઞાનિક કહી રહ્યા છે કે, સરકારોએ ઈસરોને ત્યારે ફંડ આપ્યું જ્યારે તેણે પોતાની વિશ્વસનીયતા સ્થાપિત કરી લીધી. નંબી નારાયણે કહ્યું કે, અમારી પાસે જીપ, કાર કે કંઈ પણ નહોતું. એનો અર્થ એ કે, અમને કોઈ બજેટ ફાળવવામાં નહોતું આવતું. માત્ર એક બસ હતી જે શિફ્ટમાં ચાલતી હતી. શરૂઆતના દિવસોમાં આવી સ્થિતિ હતી. એપીજે અબ્દુલ કલામના સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (એસએલવી-૩)ના નિર્માણના સમયનો ઉલ્લેખ કરતા નંબી નારાયણે કહ્યું કે, તે સમયે બજેટ પૂછવામાં નહોતું આવતું, બસ આપી દેવામાં આવતુ હતું. તે ખૂબ જ મુશ્કેલ હતું. તેમણે આગળ કહ્યું કે, હું ફરિયાદ નહીં કરીશ પરંતુ સરકારને ઈસરો પર વિશ્વાસ નહોતો. વીડિયોમાં જ્યારે ચંદ્રયાન-૩ની ઐતિહાસિક સફળતાનો તમામ શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદી લઈ રહ્યા છે તેવા વિપક્ષના આરોપો પર સવાલ પૂછવામાં આવ્યો ત્યારે નંબી નારાયણે કહ્યું કે આવા રાષ્ટ્રીય પ્રોજેક્ટની વાત થશે તો વડાપ્રધાન સિવાય બીજું કોણ શ્રેય લેશે? તમે ભલે વડા પ્રધાનને પસંદ નથી કરતા એ તમારી સમસ્યા છે પરંતુ તમે તેમની પાસેથી ક્રેડિટ ન છીનવી શકો. તમે વડા પ્રધાનને પસંદ નથી કરતા આ કારણોસર તમે તેમને પોસ્ટ પરથી હટાવી ન શકો. નંબી નારાયણનું જીવન કોઈ ફિલ્મી સ્ટોરીથી ઓછું નથી. ૧૯૪૧માં તમિલ પરિવારમાં જન્મેલા નંબી નારાયણે કેરળના તિરુવનંતપુરમ માંથી એરોસ્પેસ એન્જિનિયરિંગમાં એમટેકની ડિગ્રી લીધી હતી.

આગળના અભ્યાસ માટે તેઓ ફેલોશિપ પર અમેરિકાની પ્રિન્સટન યુનિવર્સિટી ચાલ્યા ગયા હતા. અમેરિકાથી પરત ફર્યા બાદ તેમણે ઈસરો સાથે કામ કરવાનું શરૂ કર્યું. તેમણે તેમની કારકિર્દીમાં વિક્રમ સારાભાઈ, સતીશ ધવન અને એપીજે અબ્દુલ કલામ જેવા દિગ્ગજો સાથે કામ કર્યું હતું. તેમને ભારતમાં લિક્વિડ ફ્યુઅલ રોકેટ ટેક્નોલોજીનો શ્રેય આપવામાં આવે છે જેના પછી દેશમાં રોકેટ ઈન્ડસ્ટ્રીને વેગ મળ્યો. ૧૯૯૪માં નંબી નારાયણના જીવનમાં એક મોટો વળાંક આવ્યો જ્યારે તેમના પર જાસૂસીનો આરોપ લગાવવામાં આવ્યો. આરોપ એ હતો કે, તેમણે સ્પેસ પ્રોગ્રામ સાથે જોડાયેલી માહિતી બે બહારના લોકો સાથે શેર કરી હતી જેમણે તે માહિતી પાકિસ્તાન સુધી પહોંચાડી દીધી હતી. તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. જાસૂસીના આરોપો વિરુદ્ધ નંબી નારાયણે લાંબી લડાઈ લડી અને ૧૯૯૬માં સીબીઆઈ કોર્ટે આરોપો ફગાવી દીધા હતા. આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો જ્યાં સુપ્રીમ કોર્ટે ન માત્ર નિર્દોષતા પર મહોર લગાવી પરંતુ કેરળ સરકારને વળતર આપવાનો પણ આદેશ આપ્યો. કેરળ સરકારે નારાયણને ૧.૩ કરોડનું વળતર આપ્યુ હતું.

# UKના આ ખાસ પ્રદેશમાં અનસ્કિલ્ડ વર્કરની જરૂર

## અનસ્કિલ્ડ વર્કરની જોબ પરમેનેન્ટ નથી હોતી પરંતુ નિશ્ચિત સમયગાળા મુજબ જે માગ હોય એના આધારે હોય છે, કઈ નહીં આવડતું હોય તો પણ જોરદાર પગાર મળશે!

નવી દિલ્હી, તા.૩૦



યૂરોપિયન દેશ સ્કોટલેન્ડમાં અત્યારે નોકરી કરવાની શાનદાર તક છે. અહીં ફરવા અને નોકરી કરવા માટે વિવિધ કેટેગરીના વિઝા પણ ઉપલબ્ધ છે. તેવામાં આજે અહીં સ્કોટલેન્ડમાં અનસ્કિલ્ડ પ્રોફાઈલ ધરાવતા વર્કરની સંખ્યામાં ઘટાડો થઈ ગયો છે. આથી કરીને આને ભરપાઈ કરવા માટે કર્મચારીઓની નિમણૂક કરાઈ રહી છે. અનસ્કિલ્ડ જોબની વાત કરીએ તો આ એવા લોકો છે જેમની પાસે ઓછી કુશળતા છે અથવા તો તેમને ટેમ્પરરી બેઝ પર નોકરી આપવામાં આવે છે. આવા કર્મચારીઓને કંપનીને જેની જરૂર હોય તેના આધારે જ ભરતી કરવામાં આવે છે. સૌથી પહેલા સ્કોટલેન્ડમાં વિઝિટર વિઝા તરીકે અપ્લાય કરી વર્ક પરમિટ પણ મેળવી શકાય છે. એટલું જ નહીં અહીં યોગ્ય પ્રોસિજર દ્વારા આ તમામ પાર્ટ ટાઈમ જોબના ઓફર લેટર લીધા બાદ વર્ક પરમિટ સરળતાથી મળી જાય છે. એના માટે ઓનલાઈન કોઈપણ વેબસાઈટ પરથી જોબ એપ્લિકેશન આપી શકાય છે. જોકે અનસ્કિલ્ડ વર્કરની જોબ પરમેનેન્ટ નથી હોતી પરંતુ નિશ્ચિત સમયગાળા મુજબ જે માગ હોય એના આધારે હોય છે. જેમકે સ્કોટલેન્ડમાં ટ્રાન્સપોર્ટ ડ્રાઈવરની જોબની અત્યારે અછત છે. તેવામાં વાહનોની સાફસફાઈથી લઈને તેને ઓપ્ટિમાઈઝ કરી પેમેન્ટ આપવા અને લેવાની કામગીરી આ પ્રોફાઈલમાં હોય છે. તેમાં ક્વોલિફિકેશન વધારે માન્ય રાખતું નથી. આવી જ રીતે અહીં ફૂડ પ્રોડક્શન વર્કર, સિક્યોરિટી ગાર્ડ અને કંસ્ટ્રક્શન વર્કરમાં જોરદાર ભરતી આવી છે. જેમાં કલાકના ૧૦થી ૧૫ યૂરો સુધી કમાણી કરવાની તક મળી જતી હોય છે. નોંધનીય છે કે કંસ્ટ્રક્શન વર્કર્સ તો વાર્ષિક ૨૬ હજાર યૂરો સુધી પણ કમાણી કરી શકે છે. આની સાથે જો ફાર્મિંગમાં રસ હોય તેવા લોકોને પણ અહીં સારી નોકરી મળતી હોય છે. છૂટક મજૂરી જેને કહીએ તે પ્રકારની જોબથી દૈનિક રોજગારી મળી જતી હોય છે. નોંધનીય છે કે NHS એક હેલ્થ કેર વીમો છે જેના માટે તમારે અરજી કરવી પડતી હોય છે. જોકે સ્કોટલેન્ડમાં કાયદેસર કામ કરવું હોય તો વર્કિંગ હોલિડે વિઝા માટે એપ્લાય કરવું અનિવાર્ય છે. અહીં આ વિઝા ઝડપથી ઈશ્યૂ પણ થઈ જતા હોવાનો દાવો કરાઈ રહ્યો હોય છે. આના પરિણામે જ લોકો વર્કિંગ હોલિડે વિઝાના બેઝ પર ત્યાં જાય છે રોજિંદુ કામ મેળવીને વિકેન્ડમાં ફરવાની સાથે યૂરો પણ કમાઈ લેતા હોય છે. ઉલ્લેખનીય છે કે અનસ્કિલ્ડ જોબ માટે CVની જરૂર નથી પરંતુ તે જો તમારી પાસે હોય તો નોકરીની ઉત્તમ તક તમને મળી જતી હોય છે. આ પ્રમાણે હોલિડેની સાથે જો વર્કિંગ વિઝા લઈને જશો તો મોટાપાયે તમને નોકરી મળી જવાની સંભાવના પણ રહેશે.







## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

નિરાશા નિર્બળતાનું ચિહ્ન છે.

- સ્વામી રામતીર્થ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ સુદ-૧૪ બુધ પૂજન, વ્રતની પૂનમ, નાળિયેરી પૂર્ણિમા, શુક્લ-યજુઃ-અથર્વ તૈતરીય શ્રાવણી, રક્ષાબંધન, હયગ્રીવ જયંતિ, ઝુલનયાત્રા સમાપ્ત, પંચક (સવારે ૧૦:૨૦ ક.થી શરૂ) તા.૩૦ ઓગષ્ટ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૧૩, ધનિષ્ઠા નક્ષત્ર, અતિગંડ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૩૩, સૂ.અ.૭:૧૦

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), સવારે ૧૦:૧૮ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

-કનકચંદ્ર સી.વ્યાસ

મેષ : અટકેલા કાર્યોમાં પ્રગત્તિ થાય. મિલન-મુલાકાત સફળ થાય.
વૃષભ : સ્વભાવમાં ઉગ્રતા રહે. આકસ્મીક મુસાફરી થાય.
મિથુન : નવિન કાર્યમાં સફળતા મળે. વિરોધીવર્ગને પીછેહટ કરવી પડે.
કર્ક : લાભની આશા ઠગારી નીવડે. ગુપ્ત ચિંતા સતાવે.
સિંહ : પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કન્યા : વ્યર્થ ખર્ચ પર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.
તુલા : આકસ્મીક ધનલાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.
વૃશ્ચિક : વાહન-જમીનથી લાભ થાય. જીવસાથીથી વિશેષ સ્નેહ રહે.
ધન : માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.
મકર : સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.
કુંભ : ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.
મીન : મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.

# ગુજરાતમાં હાલ ભારે વરસાદની કોઈ સંભાવના નહીં : ઓગસ્ટમાં લોકો ગરમીના કારણે અકળાયા

## વરસાદની કોઈ સિસ્ટમ સક્રિય ન હોવાનું હવામાન વિભાગે જણાવ્યું : સપ્ટેમ્બરમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે : આજથી ગરમીના પ્રમાણમાં વધારો થશે : ખેડૂતોની ચિંતામાં સતત વધારો

અમદાવાદ, તા.૩૦

રાજયમાં હાલ ભારે વરસાદની કોઈ સંભાવના નથી. ગુજરાતમાં ઓગસ્ટ મહિનો કોરો જઈ રહ્યો છે. દર વર્ષની સરખામણીમાં આ વર્ષે ઓગસ્ટ મહિનામાં ૮૫ ટકાઓછો વરસાદ નોંધાયો છે. હાલ ગુજરાતમાં એક પણ સિસ્ટમ સક્રિય નથી. જેને કારણે ભારે વરસાદની કોઈ સંભાવના નથી. પરંતુ હવે વાતાવરણને જોતા લાગે છે કે, માત્ર ઓગસ્ટ જ નહિ, સપ્ટેમ્બર મહિનો પણ કોરો જશે. સપ્ટેમ્બરમાં ઓછા વરસાદના એંધાણ છે. હવે એવુ લાગે છે કે વરસાદ વગર જચોમાસાની વિદાય થઈ જશે. અલ-નીનો કારણે વરસાદની સિસ્ટમમાં ભારે અસર પડી છે. હવે ભાઈ-બહેનોનો પવિત્ર તહેવાર રક્ષાબંધન આવી રહ્યો છે. બે દિવસ બાદ ૩૦ ઓગસ્ટ રક્ષાબંધન છે. ત્યારે જો તમનેરક્ષાબંધનના દિવસોમાં વરસાદની ચિંતા સતાવી રહી છે, તો જાણી લોકે તમે રક્ષાબંધનના દિવસે છુટાછવાયા વરસાદની આગાહી છે. આગામી ત્રણ દિવસ હવામાન વિભાગની ભારે વરસાદની કોઈ આગાહી નથી. હાલ રાજ્યમાં સારા વરસાદની શક્યતા નહીવત છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં હળવા ઝાપટાં પડશે. પિયતવ્યવસ્થાપન હોય તો ખેડૂતોએ પીયત કરવું જોઈએ. ૩૦ ઓગસ્ટથી દેશમાં ગરમી વધવાની શક્યતા છે. ચીનનાહોંગકોંગ તથા પૂર્વી ભાગમાં ચક્રવાત બની રહ્યું છે. અરબ સાગર અને બંગાળના ઉપસાગરનો ભેજ ચક્રવાત તરફ ખેંચાશે. અલનીનોની અસરથી હિંદ મહાસાગરનું હવામાન સાનુકુળ હોવા છતાં વરસાદ થતો નથી. નર્મદા, ડાંગ, વલસાડ, તાપી, દમણમાં આગામી ૩ દિવસ સામાન્ય વરસાદની આગાહી છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું છે કે, ગુજરાતના હવામાન વિશે વાત કરીએ તો આગામી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદની શક્યતા છે. જેમાં નર્મદા, ડાંગ, વલસાડ, તાપી, દમણનો સમાવેશ થાય છે. બાદમાં અહીં પણ વરસાદની સંભાવના ઓછી છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાતમાં આગામી ૭ દિવસ વરસાદની કોઈ શક્યતા નથી.

# સ્કૂલ, ઓફિસોએ દુષ્કર્મ પીડિતાના જન્મેલા બાળકના પિતાનું નામ જણાવવા દબાણ ન કરવું જોઈએ : પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટ

## કોર્ટે આદેશ કર્યો કે અધિકારીઓ સુનિશ્ચિત કરે કે દુષ્કર્મ પીડિતાની સાથે સાથે તેના બાળકના કલ્યાણ અને પુર્નઃવસન માટે દિશાનિર્દેશોને યોગ્ય રીતે લાગુ કરવામાં આવે




ચંડીગઢ તા.૩૦

પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટે તાજેતરમાં પંજાબ અને હરિયાણા રાજ્યોની સાથે સાથે ચંડીગઢના તંત્રના શૈક્ષણિક સંસ્થાઓ સહિત તમામ કાર્યાલયોને નિર્દેશ જારી કરવા કહ્યું છે. આ નિર્દેશમાં જણાવાયું છે કે તે દુષ્કર્મ પીડિતાના બાળકના પિતાનું નામ ન જાહેર કરવા પર ભાર ન મૂકે. દુષ્કર્મ પીડિતો અને તેમના બાળકોના પુર્નવાસ સંબંધિત એક કેસમાં જસ્ટિસ વિનોદ એસ.ભારદ્વાજે એમક્સ ક્યુરી તનુ બેદી દ્વારા સૂચવાયેલા ઉપાયોને રેકોર્ડ ઉપર લીધા હતા અને નિર્દેશ આપ્યો કે સૂચનોને અમલી બનાવવામાં આવે. કોર્ટે આદેશ કર્યો કે તમામ કાર્યાલયો, ખાસ કરીને તમામ શૈક્ષણિક સંસ્થાઓને યોગ્ય નિર્દેશ આપવામાં આવે કે તે દુષ્કર્મ પીડિતાના જન્મેલા બાળકોના પિતાના નામ જાહેર કરવા ઉપર ભાર ન મૂકે. અધિકારીઓએ એમ પણ કહ્યું કે તેમને સૂચનો સામે કોઈ વાંધો નથી. ન્યાયાલયને પણ જણાવાયું કે અમુક ઉપાયો પહેલાથી જ અપનાવાઈ ચૂક્યા છે અને તેને લાગુ કરવામાં આવી રહ્યા છે. કોર્ટે જે સૂચનો લાગુ કરવા આદેશ કર્યો છે તેમાં અધિકારીઓને પીડિતાના મેડિકલ ગર્ભપાત ખર્ચનું વહન કરવા પણ નિર્દેશ આપ્યો છે. બેદીએ એક સૂચનમાં કહ્યું હતું કે જોસમાપ્તિના અનુમેય સમયબાદ ગર્ભાવસ્થાની જાણ થાય અને પીડિતા બાળકને પોતાની સાથે ન રાખવા માગતી હોય તો સીએઆરએને જન્મના તાત્કાલિક બાદ બાળકને તાત્કાલિક, સરળ અને ત્વરિત દત્તક લેવા માટે તમામ દસ્તાવેજો તૈયાર કરવાના ઉદ્દેશ્યથી સામેલ કરવામાં આવે. કોર્ટે આદેશ કર્યો કે અધિકારીઓ સુનિશ્ચિત કરે કે દુષ્કર્મ પીડિતાની સાથે સાથે તેના બાળકના કલ્યાણ અને પુર્નઃવસન માટે દિશાનિર્દેશોને યોગ્ય રીતે લાગુ કરવામાં આવે.

# ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન કાયદો ગોપનીયતાના અધિકારના ચુકાદા સાથે સુસંગતતા વિશે પ્રશ્નો ઊભા કરે છે

નવી દિલ્હી તા.૩૦

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ (**DPDPA**), ૨૦૨૩ - જે રાજયસભામાં પસાર કરવામાં આવ્યો હતો તે હવે કાયદો બની ગયો છે. તેને ૧૨ ઓગસ્ટે રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. જો કે, એવું લાગે છે કે આ કાયદો ઘણી મૂળભૂત ખામીઓ ધરાવે છે. ડેટા સંરક્ષણ અને ગોપનીયતા કાયદા તરીકે તે તેના કથિત ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરવાથી અટકાવે તેવી શક્યતા છે. વધુ મહત્ત્વની બાબત એ છે કે, આ કાયદાને આખરે એક એવા સાધન તરીકે જોવામાં આવી શકે છે જેના દ્વારા સરકાર માહિતીની સ્વાયત્તતાનો ઉપયોગ કરવાની અને વ્યક્તિગત ડેટાની ગોપનીયતાની ખાતરી કરવાની તેમની ક્ષમતાના સંદર્ભમાં વ્યક્તિઓ માટે ઉપલબ્ધ મિકેનિઝમ્સને અટકાવવામાં સક્ષમ હશે. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી.એન. કૃષ્ણની આગેવાની હેઠળની નિષ્ણાત સમિતિ દ્વારા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય (**MeitY**)ને તૈયાર કરીને પહોંચાડવામાં આવ્યું હતું. એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટની બેન્ચે ગોપનીયતાને બંધારણની કલમ ૨૧ હેઠળ સંરક્ષિત મૂળભૂત અધિકાર તરીકે ગણાવી હતી. કાયદાની ભાવનામાં તે સમયથી અનેક વિચલનો જોવા મળ્યા છે. જો કે, ૨૦૧૮ ડ્રાફ્ટ બિલ, દાખલા તરીકે, ડેટાને યોગ્ય રીતે વર્ગીકૃત કરવાના મહત્વને માન્યતા આપે છે, તે વ્યક્તિગત ડેટાને સુરક્ષિત રાખવા માટે છે જે પ્રકૃતિમાં સંવેદનશીલ માનવામાં આવે છે. કેટલાક એવા ફાયદા છે, દાખલા તરીકે, પ્રથમ વખત, બાળકોના વ્યક્તિગત ડેટાને અલગથી વર્ગીકૃત કરવો પડશે, જેમાં આવા ડેટામાં સુરક્ષા અને ગોપનીયતા વધુ હોય છે. આ કાયદો ભારતીય વ્યવસાયોને લક્ષ્યાંક બનાવતા ડેટા ભંગના દર અને અસરને ઘટાડવાનો પણ પ્રયાસ કરે છે. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન કાયદો પર્યાપ્ત સુરક્ષા નિયંત્રણોના અમલીકરણ અભાવના પરિણામે ડેટાનો ભંગ થાય તેવા કિસ્સાઓ માટે દંડ લાદીને એક પગલું આગળ વધે છે. એવું કહી શકાય કે આ કાયદો સંતુલિત નથી, કારણ કે તે સરકારને વ્યક્તિગત ડેટાની પ્રક્રિયામાં વ્યાપક મુક્તિ આપે છે. દાખલા તરીકે, "ભારતમાં કોઈપણ ગુનાની રોકથામ, શોધ, તપાસ અથવા કાર્યવાહીના હિતમાં ડેટાની પ્રક્રિયા કરી શકાય છે. આ પ્રકાર ખતરનાક છે કારણ કે તે આડમાં ડેટાના વ્યાપક અને બિનજરૂરી સંગ્રહને કાયદેસર બનાવી શકાય છે અને આ સંગ્રહ અને પ્રક્રિયા આખરે ગુનાને રોકવા અથવા અટકાવવા માટે ઉપયોગી હોઈ શકે છે. સૈદ્ધાંતિક રીતે, કોઈપણ વ્યક્તિનો કોઈપણ ડેટા, કોઈપણ સમયે, સંભવિત રૂપે, પૂર્વવર્તી અથવા અન્યથા, ગુનાની રોકથામ અથવા શોધ માટે ભવિષ્યમાં અનિશ્ચિત સમય માટે ઉપયોગી થઈ શકે છે. આ દેખરેખને હવે કાનૂની સમર્થન પણ મળ્યું છે. સુરક્ષા એજન્સીઓ પાસે કોઈપણ ડેટા એકત્રિત કરવા અને જાળવી રાખવાની નોંધપાત્ર સત્તા હશે. આ કાયદો ભારતની બહાર રહેલા વ્યક્તિગત ડેટાની પ્રક્રિયાને પણ મુક્તિ આપે છે. સરકારને તેની પાસેનો કોઈપણ ડેટા કાઢી નાખવાની આવશ્યકતામાંથી પણ મુક્તિ આપવામાં આવી છે. સરકાર ઉદ્દેશ્યની મર્યાદાઓથી બંધાયેલી નથી, એક ચોક્કસ હેતુ માટે એકત્રિત કરવામાં આવેલ ડેટાને નવા, અસંગત હેતુ માટે ઉપયોગમાં લેવાની મંજૂરી આપે છે. જે વ્યવસાયો પર લાદવામાં આવેલા નિયમોથી વિપરીત છે. જો કે, ચોક્કસ પ્રકારના ડેટા, ખાસ કરીને સંવેદનશીલ વ્યક્તિગત ડેટા, કાયદેસર રીતે નિર્ધારિત રીટેન્શન અવધિની ખાતરી આપે છે. પરંતુ તે વ્યક્તિઓના ગોપનીયતાના બંધારણીય અધિકારનું ઉલ્લંઘન કરી શકે છે.

# ઈસરોના કોઈ વૈજ્ઞાનિક કરોડપતિ નથી પૂર્વ અધ્યક્ષ માધવન નાયરનો દાવો

(એજન્સી) તા.૩૦

ભારતના ચંદ્રયાન-૩ મિશનની સફળતા ઉપર ખુશી વ્યક્ત કરતાં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)ના ભૂતપૂર્વ વડા જી. માધવન નાયરે જણાવ્યું હતું કે, ઈસરોના વૈજ્ઞાનિકોનો પગાર વિકસિત દેશોના વૈજ્ઞાનિકો કરતાં પાંચમા ભાગનો છે. કદાચ આ જ કારણ છે કે, તેઓ મિશન મૂન માટે પરવડે તેવી રીત શોધી શક્યા. ભારતના ચંદ્રયાન-૩ની કિંમત અન્ય દેશોના મિશન મૂન કરતા ઘણી ઓછી છે. જો કે, ચંદ્ર પર પહોંચવામાં ૪૦ દિવસનો સમય લાગ્યો હતો અને અન્ય દેશોના અવકાશયાન ૪થી ૫ દિવસમાં ચંદ્ર પર ઉતર્યા હતા, પરંતુ તેની કિંમત તેના કરતા કેટલાક સો કરોડ ઓછી છે. આ અંગે માધવન નાયરે કહ્યું કે, ‘ઈસરોમાં વૈજ્ઞાનિકો, ટેક્નિશિયનો અને અન્ય કર્મચારીઓને મળતો પગાર અને ભથ્થા અન્ય દેશોના વૈજ્ઞાનિકો અને ટેક્નિશિયનોને મળતા પગારનો પાંચમો ભાગ છે, પરંતુ એક ફાયદો એ પણ છે કે, ચંદ્ર ઉપરના વૈજ્ઞાનિક મિશન માટે ઓછો ખર્ચ થાય તેવી રીતો શોધી શકાય છે. તેમણે કહ્યું કે, ઈસરોના કોઈપણ વૈજ્ઞાનિક કરોડપતિ નથી અને તેઓ ખૂબ જ સાદું જીવન જીવે છે. નાયરે કહ્યું, ‘હકીકત એ છે કે, તેમને પૈસાની પણ પરવા નથી. તેઓ તેમના મિશન પ્રત્યે જુસ્સા અને પ્રતિબદ્ધતા ધરાવે છે. આ રીતે આપણે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરીએ છીએ. માધવન નાયરે કહ્યું, ‘આપણે દરેક પગલામાંથી કંઈકને કંઈક શીખીએ છીએ. જેમ આપણે ભૂતકાળમાંથી શીખ્યા છીએ, અમે તેનો ઉપયોગ આગામી મિશનમાં કરીશું. તેમણે કહ્યું કે, ભારત તેના સ્પેસ મિશન માટે સ્વદેશી ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે અને તેનાથી તેમને ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં મદદ મળી છે. ભારતના સ્પેસ મિશનનો ખર્ચ અન્ય દેશોના સ્પેસ મિશન કરતા ૫૦થી ૬૦ ટકા ઓછો છે. નાયરે કહ્યું કે, અમે સારી શરૂઆત કરી છે અને મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ઈસરોના જણાવ્યા અનુસાર, ચંદ્રયાન-૩ની કુલ કિંમત માત્ર ૬૧૫ કરોડ રૂપિયા છે, જે બોલિવૂડની ફિલ્મનું બજેટ હોય છે.

# ભારત સંમતિ આધારિત ‘બ્રિક્સ’ના વિસ્તરણના સમર્થનમાં : PM મોદી



નવી દિલ્હી, તા.૩૦

ભારત દ્વારા કરાયેલા આર્થિક સુધારાઓ અને ટેક્નિકલ સિદ્ધિઓ પર પ્રકાશ ફેંકતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત આવનારા વર્ષોમાં દુનિયાના વિકાસ એન્જિન તરીકે ઊભરી આવશે. દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગમાં બ્રિક્સ બિઝનેસ ફોરમમાં બોલતા તેમણે કહ્યું કે ભારતના લોકોએ ૨૦૪૭ સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લીધો છે. આ દરમ્યાન પીએમ મોદીએ બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલને તેની દસમી વર્ષગાંઠ ઉપર શુભેચ્છા પાઠવી અને કહ્યું કે બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલે અમારા આર્થિક સહિયોગને વધારવામાં ખુબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ઉથલપાથલ છતાં ભારત આજે દુનિયાની સૌથી ઝડપથી આગળ વધતી પ્રમુખ અર્થવ્યવસ્થા છે. બહુ જલદી ભારત પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બની જશે. તેમાં કોઈ શક નથી કે આવનારા વર્ષોમાં ભારત દુનિયાનું વિકાસ એન્જિન હશે અને તેનું કારણ એ છે કે ભારતે સંકટ ને મુશ્કેલીઓને આર્થિક સુધારના અવસરોમાં બદલ્યા છે. ભારતના લોકોનો સંકલ્પ છે કે તેઓ ૨૦૪૭ સુધીમાં એક વિકસિત રાષ્ટ્ર બનશે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં અમે સુધાર અને મિશન મોડ કર્યા છે અને આ કારકોએ ભારતમાં વેપાર કરવામાં સતત સુધાર કરવામાં મદદ કરી છે. જીએસટીની શરૂઆતના કારણે રોકાણકારોમાં આત્મવિશ્વાસ વધ્યો છે. અમે જાહેર સેવા વિતરણ અને સુશાસન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પીએમ મોદીએ કહ્યું કે બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલને તેની દસમી વર્ષગાંઠ ઉપર ખુબ ખુબ શુભેચ્છાઓ. છેલ્લા ૧૦ વર્ષમાં બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલે આપણા આર્થિક સહયોગને વધારવામાં ખુબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જ્યારે ૨૦૦૯માં પહેલા બ્રિક્સ શિખર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે દુનિયા ભારે નાણાકીય સંકટમાંથી બહાર આવી રહી હતી, તે સમયે બ્રિક્સ વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે આશાની કિરણ બનીને ઊભર્યું. તેમણે કહ્યું કે વર્તમાન સમયમાં કોવિડ મહામારીના તણાવ અને વિવાદો વચ્ચે દુનિયા ઈ આર્થિક પડકારો સામે લડી રહી છે. આવા સમયમાં એકવાર ફરીથી બ્રિક્સ દેશોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે.

# ગુનેગારો કાં તો ગુનાખોરી છોડી દે કે પછી રાજસ્થાન છોડી દે : ગેહલોત

જયપુર તા.૩૦

મુખ્યમંત્રી અને ગૃહમંત્રી અશોક ગેહલોત હવે રાજસ્થાનમાં વધતી ગુનાખોરી અને ગુનેગારો ઉપર કાર્યવાહી કરવા માટે એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. સીએમએ કહ્યું કે બદમાશો રાજસ્થાન છોડી દે અથવા ગુંડાગીરી છોડી દે. આ સાથે ગુનેગારો સામે કાર્યવાહી કરવા માટે પોલીસને છૂટ આપવામાં આવી હોવાની તેમણે જાહેરાત કરી દીધી હતી. સીએમ અશોક ગેહલોતે શુક્રવારે (૨૫ ઓગસ્ટ) પોલીસ હેડક્વાર્ટરમાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા દરમિયાનપોલીસ અધિકારીને કહ્યું કે જો કોઈ બદમાશ ગોળીબાર કરશે તો તમને પણ ગોળીબાર કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. કાયદો અને વ્યવસ્થા જાળવવી અને પીડિતોને ન્યાય આપવાની જવાબદારી પોલીસની છે. ગુનેગારો પર કાર્યવાહી કરવા માટે રાજસ્થાન પોલીસ ઉત્તર પ્રદેશ પોલીસના માર્ગે છે. સીએમ અશોક ગેહલોત અને પોલીસ અધિકારીઓએ બદમાશો સાથેના એક્રાઉન્ટરમાં શહીદ થયેલા કોન્સ્ટેબલ પ્રહલાદ સિંહને શ્રદ્ધાંજલિ આપી હતી, સીએમએ કોન્સ્ટેબલના પરિવારના સભ્યોને સરકારી નોકરી, એક કરોડ રૂપિયાની આર્થિક સહાય, કુટુંબ પેન્શન અને કૃષિ જોડાણની જાહેરાત કરી હતી. આ સાથે, તેમણે વીરતાના સન્માન માટે કેન્દ્ર સરકારને પત્ર લખવા અને નિયમો અનુસાર વિવિધ રાહત આપવા માટે કહ્યું, સીએમ ગેહલોતે આ દરમ્યાન ગુનેગારોને સલાહ આપી કે કાં તો ગુનો છોડી દો અથવા રાજસ્થાન છોડી દો. સીએમ ગેહલોતે કહ્યું કે અમે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને મજબૂત રાખવા અને પડકારોનો સામનો કરવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છીએ. કાયદો અને વ્યવસ્થા જાળવવી અને પીડિતોને ન્યાય આપવાની જવાબદારી પોલીસની છે. ગુનામાં સંડોવાયેલા પોલીસકર્મીઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી છે. મિશન- ૨૦૩૦ અંતર્ગત પોલીસ માટે રોડમેપ તૈયાર કરવામાં આવશે. સીએમએ કહ્યું કે રાજ્ય પોલીસ દ્વારા કેસની તપાસમાં લાગતો સરેરાશ સમય સતત ઘટી રહ્યો છે.

# ભારતે ૨૦૫૦ સુધીમાં શૂન્ય-ઉત્સર્જન લક્ષ્યાંક હાંસલ કરવા માટે ઊર્જા સિસ્ટમમાં ૧૨.૭ ટ્રિલિયન ડોલરનું રોકાણ કરવાની જરૂર છે

નવી દિલ્હી, તા.૩૦

ભારતે સદીના મધ્ય સુધીમાં ચોખ્ખી શૂન્ય ઉત્સર્જન હાંસલ કરવા અને વિનાશક ગ્લોબલ વોર્મિંગને રોકવામાં મદદ કરવા માટે, તેની એનર્જી સિસ્ટમમાં **$12.7** ટ્રિલિયનનું રોકાણ કરવાની જરૂર છે, જે તેની જીડીપી કરતાં ત્રણ ગણું વધારે છે. ૨૦૭૦ના તેના સત્તાવાર લક્ષ્યાંકથી આગળ આ લક્ષ્ય સુધી પહોંચવા માટે, ભારતે તેના કોલસા આધારિત વીજળી ક્ષેત્રને બંધ કરવાની જરૂર છે. આમાં રિન્યુએબલ એનર્જી સ્ત્રોતોને હેન્ડલ કરવા માટે ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર રોકાણ અને ગ્રીન એનર્જી પહેલો માટે ભંડોળમાં નોંધપાત્ર વધારો કરવાની જરૂર છે. હાલમાં, ભારત તેના વીજ ઉત્પાદનના આશરે ૭૦% માટે કોલસા ઉપર નિર્ભર છે, જે સ્ટીલ, સિમેન્ટ અને એલ્યુમિનિયમ જેવા ભારે ઉદ્યોગોને પણ સમર્થન આપે છે. તે ગ્રીનહાઉસ વાયુઓનું વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઉત્સર્જક છે. રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં ઝડપી વિસ્તરણ હોવા છતાં, ૨૦૨૨માં રેકોર્ડ ૧૬ ગીગાવોટ સોલર સ્થાપિત કરવામાં આવ્યા હતા. અશ્મિભૂત ઈંધણ ઉપરની આ નિર્ભરતાને ઘટાડવા માટે નોંધપાત્ર ભંડોળની જરૂર છે. વૈશ્વિક આબોહવા ઉદ્દેશ્યો સાથે સંરેખિત ૨૦૫૦ ખર્ચના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે, ભારતે ૨૦૫૦ સુધી વાર્ષિક **$438** બિલિયનનું રોકાણ કરવાની જરૂર છે, જે ગયા વર્ષે ઊર્જા સંક્રમણ ટેક્નોલોજીમાં રોકાણ કરાયેલા **$17** બિલિયનની સરખામણીમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. બ્લૂમબર્ગે અહેવાલ આપ્યો છે કે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (**IMF**)ના કાર્યકારી પેપરમાં લગભગ **$350** બિલિયન (અંદાજે રૂા.૨૮ લાખ કરોડ) સાથે અશ્મિભૂત ઈંધણ સબસિડી ઓફર કરવામાં ભારતને ચોથું સ્થાન મળ્યું છે. આ તેના **GD**ના ૧૦%થી વધુ છે. **IMF**ના આ પેપરમાં ચીન ટોચ ઉપર છે, ત્યારબાદ રશિયા અને અમેરિકા છે. તેમાં ‘ઉજ્જવલા’ યોજનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેના હેઠળ ઘરેલુ એલપીજી માટે સબસિડી આપવામાં આવે છે. **BNEF** ખાતે ભારતના સંશોધનના વડા શાંતનુ જયસ્વાલે જણાવ્યું હતું કે, તમામ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે અભૂતપૂર્વ સ્કેલ અને ઝડપી રોકાણની જરૂર પડશે, જે જરૂરિયાત માત્ર ભારતીય બેંકો પૂરી કરી શકશે નહીં. ભારતે વારંવાર વૈશ્વિક મૂડીનો પ્રશ્ન ઉઠાવ્યો છે, પરંતુ તેના પાવર માર્કેટમાં બિનકાર્યક્ષમતા અને તાજેતરમાં યુએસ ફુગાવાના ઘટાડાના કાયદાની આડકતરી અસર અને કલીન-પાવર રોકાણકારોને આકર્ષવા માટે યુરોપીયન ચાલને કારણે અવરોધ ઊભો થયો છે. **BNEF**ના મહત્વાકાંક્ષી ૨૦૫૦ પરિદૃશ્ય હેઠળ, દેશમાં પાવર-સંબંધિત ઉત્સર્જન ૨૦૨૪માં ટોચ ઉપર હશે. ઈલેક્ટ્રિક વાહનોના ઝડપી આગમન સાથે ૨૦૨૮માં પરિવહન ક્ષેત્રનું ઉત્સર્જન ઉચ્ચ મર્યાદા સુધી પહોંચી જશે. ૨૦૩૧માં ઔદ્યોગિક ઉત્સર્જન મહત્તમ સુધી પહોંચવાની અપેક્ષા છે અને ત્યારબાદ તીવ્ર ઘટાડો થશે. **BNEF** મુજબ, તેમાં ટેકનોલોજી ભૂમિકા ભજવશે, પછી ભલે તે સ્ટીલમાં ગ્રીન હાઈડ્રોજન હોય કે કાર્બન કેપ્ચર, અને તે સિમેન્ટ ઉત્પાદનમાંથી ૫૬% ઉત્સર્જન ઘટાડી શકે છે. માર્ગ પરિવહન માટે, વિદ્યુતીકરણ માટે ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્વચ્છ, પરવડે તેવા પાવરની જરૂર પડશે જેથી તે વધેલી માંગને પૂરી કરી શકાય. **BNEF**ના ચોખ્ખા શૂન્ય પરિદૃશ્ય હેઠળ, ભારત ૨૦૫૦ સુધીમાં અશ્મિભૂત ઈંધણની આયાતને સમાપ્ત કરી શકે છે. આઝાદીની એક સદીના વર્ષ તરીકે ૨૦૪૭ સુધીમાં ઊર્જામાં આત્મનિર્ભર બનવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લક્ષ્યને તે લગભગ પૂર્ણ કરે છે. **BNEF**ના જયસ્વાલે જણાવ્યું હતું કે, ભારતને સેક્ટર-વિશિષ્ટ ડીકાર્બોનાઈઝેશન પાથવેઝ સેટ કરવાની અને વૈશ્વિક અને સ્થાનિક ધિરાણના તમામ સ્ત્રોતો મેળવવા માટે સક્ષમ નીતિઓ વિકસાવવાની જરૂર છે.

# સપ્ટેમ્બરમાં વરસાદ નહીં પડે તો પાણીની તંગીનાં એંધાણ

## જળાશયોમાં પુરતો પાણીનો જથ્થો છે પણ પીવાના પાણી સિવાય સિંચાઈ માટે કેટલું પાણી મળશે એ સરકાર નક્કી કરશે

અમદાવાદ, તા.૩૦

રાજયમાં અત્યારસુધી સરેરાશ ૨૮ ઈંચ સાથે મોસમનો ૮૦ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્ય માટે ઓગસ્ટ મહિનો હજુ સુધી સામાન્ય રહ્યો છે અને જેમાં અત્યારસુધી સરેરાશ પોણો ઈંચ વરસાદ પણ પડ્યો નથી. આ તરફ હવામાન વિભાગે સાથે જ જણાવ્યકે, જૂન જુલાઈમાં વરસાદ સારો રહ્યો છે. જેના કારણે પાણીની અછત જોવા મળી રહી નથી. પરંતુ ખેડૂતોને પિયત માટે જોઈતા વરસાદી પાણીમાં ઘટ જોવા મળી છે. ઓગસ્ટ કોરો ગયો પણ જો સપ્ટેમ્બરમાં વરસાદ નહીં થાય તો પાણીની ભયંકર તંગી સર્જાય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. રાજ્યમાં ૨૫ ઓગસ્ટ સુધીમાં ૨૮ ઈંચ સાથે ૮૧ ટકા વરસાદ થયો છે. પરંતુ હજુ વરસાદની ઘટ રહી છે બિપરજોય વાવાઝોડા બાદ વરસાદે રાજ્યને ધમરોળવાનું શરૂ કર્યું હતું અને કાયમ કોરા ધાકોર રહેતા કચ્છમાં જળબંબાકારની સ્થિતિ સર્જી નાંખી હતી. સૌરાષ્ટ્રમાં પણ વરસાદે સદી ફટકારી છે. સૌરાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૧૧૦ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૭૩.૩૦ ટકા વરસાદ થયો છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની ખોટ વર્તાઈ છે. ઉત્તર ગુજરાતમાં ૬૭.૭૧ અને મધ્ય ગુજરાતમાં ૬૫.૯૫ ટકા જ વરસાદ થયો છે. જો હજુ વરસાદ ખેંચાશે તો ખેડૂતોની હાલત કફોડી થશે. રાજ્યના જળાશયોમાં પુરતો પાણીનો જથ્થો છે પણ પીવાના પાણીને બાદ કરતાં સિંચાઈ માટે કેટલું પાણી મળશે એ તો સરકાર જ નક્કી કરશે. રાજ્યના ડેમમાં પાણીના જથ્થાની વાત કરીએ તો ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૭૪.૧૧, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૪૯.૧૭, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૭.૯૬, કચ્છના ૨૦ જળાશયોમાં ૬૪.૧૨ અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૮૩.૬૩ ટકા પાણીનો જથ્થો છે. સરદાર સરોવરની વાત કરીએ તહાલ ડેમમાં ૭૯.૪૭ ટકા પાણીનો જથ્થો છે. રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૭૫.૯૭ ટકા પાણીનો જથ્થો છે. ઓગસ્ટમાં વરસાદ ખેંચાયો હોવા છતાં ૯૦ ટકાથી વધુ ભરાયેલા ૯૩ જળાશયો હાઈ એલર્ટ ઉપર છે. જ્યારે ૮૦ ટકાથી વધુ ભરાયેલા ૨૬ જળાશયો એલર્ટ ઉપર છે. તે ઉપરાંત ૭૦ ટકાથી વધુ ભરાયેલા ૧૪ જળાશયો વોર્નિંગ ઉપર છે. જ્યારે ૭૩ જળાશયોમાં ૭૦ ટકાથી ઓછું પાણી છે. રાજ્યમાં ઓગસ્ટ મહિનો આખો કોરો ગયો છે. માત્ર છુટા છવાયા ઝાપટા પડી રહ્યાં છે. જણાવ્યું કે, હાલ રાજયમાં સારા વરસાદની શક્યતા નહીવત છે. ઓગસ્ટ દરમ્યાન દક્ષિણ ગુજરાત, દક્ષિણ સૌરાષ્ટ્રમાં હળવા ઝાપટાં પડશે.

# કેન્સર એટલે કેન્સલ નહિંનું સુત્ર સાર્થક કરતી વોકહાર્ટ હોસ્પીટલ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩૦

એક ૬૦વર્ષના મહિલા દર્દી કે જેમને ૨૦૧૭માં અંડાશયની ગાંઠ માટે **(TAH+BCO)** ઓપરેશન કરાવેલ હોય જેમાં સામાન્ય ગાંઠ **(LEIMYOMA)** હોવાનું નિદાન થયું હતું.

આ દર્દીને ફરી દુખાવાની ફરીયાદ થતા તેઓ વોકહાર્ટ હોસ્પિટલ ખાતે સારવાર માટે આવેલ હતા.હોસ્પિટલના લેપ્રોસ્કોપીક કેન્સર સર્જન ડો.પ્રશાંત વણઝર તથા કેન્સર સર્જન ડો.હિમાંશુ કોયાણીના દેખરેખ હેઠળ દર્દીની સારવાર શરૂ કરવામાં આવી.

દર્દીને પેટ તથા પીઠ (જમણી બાજુ)નો દુઃખાવો થતા, નિદાન કરાવેલ અને પેટમાં ૨૫ x૩૦ સેમી.ની ગાંઠ હોવાનું જણાયું જેની વધુ તપાસ કરાવતા એ કેન્સરની ગાંઠ જણાયેલ જેને સીટી સ્કેનમાં જોતા એ પેશાબની નળી **(URETER-GIGHT)**, કિડની,નાનુ આંતરડુ, **(DUODE-NUM)** મોટું આંતરડુ તથા લોહીની નળીઓ **(IVC** અને **EXTERNAL ILIAI VESSEL)** સાથે ચોંટેલી હતી.

આ કેસમાં ટયુમર બોર્ડ મીટીંગ કે જેમાં કેન્સર સર્જન,મેડીકલ ઓન્કોલોજીસ્ટ અને રેડિયેશન ઓન્કોલોજીસ્ટ સાથે મળીને જટીલ કેન્સર માટે નર્ણયિ કરતા હોય તેમાં ઓપરેશન એકમાત્ર ઈલાજ હોવાનું નકકી થયું.

પરંતુ આટલા અવયવો ચોટેલા હોય અને બીજી વખત ઓપરેશનમાં પેટ ખોલવાનું હોય જેમાં જોખમ વધી જતુ હોય તથા સગા અને દર્દીને ઓપરેશન માટે આ અંગો જરૂર પડેતો ગાંઠ સાથે કાઢવા માટે સમજાવવામાં આવેલ એઉપરાંત જીવનું જોખમ પણ રહે જે માટે તેઓ સહમત થયેલ.

ઓપરેશન દરમ્યાન ખુબજ સુક્ષ્મ અને જીણવટભર્યા ડિસેકસનના કારણે મોટી લોહીની નસો તથા આ અંગો અને આંતરડા બચી ગયેલ સાથોસાથ સંપુર્ણ કેન્સરની ગાંઠ સાથે વેરતી ગાંઠ પણ નીકળી ગયેલ.એ પણ ઓછામાં ઓછા બ્લડ લોસ્ટ સાથે. કોઈપણ તકલીફ વગર ઓપરેશનસંપન્ન થયેલ.



ઓપરેશનબાદ દર્દીને માત્ર ૧૨ કલાક આઈ.સી.યુ.માં દેખરેખ હેઠળ રાખેલ હતા. ત્યારબાદ એમને રૂમમાં શીફટ કરેલ અને બીજા જ દિવસથી તેઓ હરવા ફરવા માંડયા. ત્રીજા દિવસથી ખોરાક પણ ચાલુ થઈ ગયેલ અને પાંચમાં દિવસે એમને કોઈપણ મોટી તકલીફ વગર હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. એમના ફાઈનલ રિપોર્ટમાં સંપુર્ણ ગાંઠ સારી રીતે નીકળી ગયેલ અને આજે ૧૨ દિવસ પછી તેઓને કિમોથેરાપી માટે મોકલેલ છે.

# વીજચોરો સામે તંત્રની લાલ આંખ વેરાવળમાં પીજીવીસીએલના વ્યાપક દરોડા

## ગીર સોમનાથ જીલ્લામાં ત્રાટકેલી ટીમોએ લાખોની વીજચોરી પકડી

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૩૦

છેલ્લા બે દિવસોમાં ગઈકાલે આવી જ ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને ગીર સોમનાથ જિલ્લાની વેરાવળ વિભાગીય કચેરી હેઠળના વેરાવળ, તાલાલા તથા સુત્રાપાડા તાલુકાની પેટા વિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૨૫ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૫૫૯ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૧૪૯ વીજ જોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૩૮.૪૭ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.



# માંગરોળ કન્યા વિનય મંદિર ખાતે દિકરીઓને માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૩૦

માંગરોલ કન્યા વિનય મંદિર ખાતે શી ટીમ માંગરોલ અને ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા સ્કુલ ખાતે દિકરીઓને હેલ્પલાઈન વિશે તેમજ મહિલાઓને ઉપયોગી થાય તેવી સલાહ, માર્ગદર્શન સુચનો અપાયા જેમા પી.એસ.આઈ.સોલંકી, હેડ કોન્સ્ટેબલ અને શી ટીમના સમીનાબેન બેલીમ ૧૮૧, હેલ્પલાઈન કેશોદના કાઉન્સેલર ડાહીબેન માવદીયા, એ.એસ.આઈ. શર્માએ હાજર રહેલ આ કાર્યક્રમમાં ડાહીબેન માવદીયા એ ૧૮૧ હેલ્પલાઈન ઉપર માહિતગાર કરતા જણાવેલ કે ૨૪/૭ આ હેલ્પલાઈન નંબર ઉપર કોઈપણ બહેન દિકરીઓને કોઈ પણ જાતનો કાનુની કે સમાજિક પ્રશ્ન હોય તો જાણ કરી મદદ લઈ શકે છે અને સરકારની બીજી પણ મહિલાઓ લક્ષી યોજના જેવી કે વ્હાલી દિકરી, વિધવા પુનઃવિવાહ, સખી વન સ્ટોપ વિશે પણ માહિતગાર કરેલ સમીનાબેન દ્વારા દિકરીઓને ખાસ જણાવેલ કે, માંગરોલ શી ટીમની જ્યારે પણ કોઈ પણ દિકરીઓને જરૂરીયાત પડે ત્યારે અમે હાજર છીએ અને પી.એસ.આઈ. સોલંકીએ દિકરીઓને બને ત્યા સુધી મોબાઈલ શોશયલ મિડીયાથી જરૂર વિના દુર રહી પોતાના વિકાસ માટે સકારાત્મક વાંચન, રમત ગમત, સંગીત જેવી ઈતર પ્રવૃત્તિઓમાં ધ્યાન આપવા જણાવેલ. આ કાર્યક્રમમાં લગભગ ૬૨૫ જેટલી વિદ્યાર્થીની બહેનો હાજર હતી. પ્રિન્સીપાલ મંજુલાબહેન દ્વારા શી ટીમ અને ૧૮૧ હેલ્પલાઈનના સ્ટાફનો ખાસ આભાર વ્યક્ત કરેલ હતો.



# નચિકેતા વિદ્યા મંદિર માંગરોળ દ્વારા રક્ષા બંધન પર્વ ઉજવાયું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૩૦

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન નચિકેતા વિદ્યામંદિર - માંગરોળ દ્વારા વિપુલભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ વિદ્યાલયના બાળકો દ્વારા માંગરોળ નગરના વિવિધ વિસ્તારમાં જઈ બાળકો દ્વારા રક્ષા સૂત્ર બાંધીને રક્ષાબંધન કાર્યક્રમની સુંદર ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રથમ નવા બસ સ્ટેશન પાસે આવેલ સેવા વસ્તીમાં જઈ બાળકો દ્વારા સ્થાનિક બાળકો, બહેનો,માતાઓઅને ભાઈઓને રાખડી બાંધીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સેવા વસ્તીમાં દાનાભાઈ ખાંભલા, સુદિપભાઈ ગઢિયા, પીયૂષભાઈ ભસ્તાન, કેતનભાઈ નારશાણા સેવામાં જોડાયા હતા, ત્યારબાદ જિલ્લા પંચાયતના ન્યાય સમિતિના ચેરમેન જીવાભાઈ સોલંકી અને ટ્રસ્ટીઓને પણ રાખડી બાંધવામાં આવી માંગરોળ - માળીયા વિધાનસભાના ભગવાનજી ભાઈ કરગટિયાના કાર્યાલય ઉપર રૂબરૂ મુલાકાત કરી રક્ષા સૂત્ર બાંધવામાં આવેલ. માંગરોળ પોલીસ સ્ટેશનમાં માંગરોળ પીએસઆઈ સોલંકીની મુલાકાત કરવામાં આવેલ અને સમગ્ર સ્ટાફને પણ રક્ષા સૂત્ર બાંધવામાં આવેલ આ તકે પીએસઆઈ દ્વારા બહેનોને ઘણી ઉપયોગી માહિતીથી માહિતગાર કરવામાં આવેલ. તેમાં માંગરોળ તાલુકા હેલ્થ ઓફીસસર ડૉ. ડાભી ,માંગરોળ શિક્ષણ વિભાગ બીઆરસી અરજનભાઈ કરમટા, કેનિ આનંદભાઈ તન્ના, ભાજપા માંગરોળ શહેર પ્રમુખ લીનેશભાઈ સોમૈયા સાથે ગોપાલ કૃષ્ણ ગૌ શાળાની મુલાકાત કરી, શહેર યુવા ભાજપા ભગીરથસિંહ ચુડાસમા, સંજીવની નેચર ફાઉન્ડેશના પ્રમુખ નરેશબાપુ વગેરે લોકોનો સંપર્ક કરી રક્ષાબંધન ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાલયની બહેનો, ભૂમિદીદી અને શાળા સંચાલક વિપુલભાઈ પરમારએ જહેમત ઉઠાવી હતી.



# ગીરગઢડા તાલુકા પોલીસ મથકે દ્રોણેશ્વર ગુરૂકુલની દિકરીઓ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૩૦

આપણે સહુ કોઈ પરિવાર સાથે દરેક તહેવારોની ઊજવણી નિશ્ચિંત બની કરીએ એનું કોઈ મુખ્ય કારણ હોય તો એ છે આપણા રક્ષકો પછી તે પોલીસ હોય કે દેશના વીર જવાનો.

આપણે જ્યારે દરેક પર્વમાં રજાઓ ગાળવા માટે નિકળી જતા હોઈએ ત્યારે આ રક્ષકોને વધુ કામગીરી રહે એટલે એમને કોઈ રજા પણ મળતી નથી.આવા જ અનેક કારણોસર સૈનિકો અથવા પોલીસ મિત્રો સાથે તહેવાર ઉજવવામાં અનેરી મજા આવે છે. એમની લાગણી પણ સંતોષ પામે છે કે ઘર જેવા માહોલમાં તહેવાર ઉજવાયો. એસજીવીપી ગુરૂકુલના અધ્યક્ષ પુજ્ય ગુરૂવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી માતુ શ્રી આર.ડી.વરસાણી વિદ્યાલયની દિકરીઓ સાથે આચાર્ય મહેશભાઈ જોશી વગેરે એ ગીરગઢડા તાલુકા પોલીસ મથકે બધા પોલીસ ભાઈઓને ભગવાનની પ્રસાદીની રાખડી બાંધી મોં મીઠાં કરાવ્યા હતા સાથે સાથે પ્રાર્થના કરી કે સમાજની રક્ષા કરવાનું બળ મળે અને ભગવાન બધા પોલીસ ભાઈઓની સર્વ રીતે રક્ષા કરે. તો દરેક પોલીસ મિત્રોએ બધી બહેનોને ભેટ આપી અલ્પાહાર કરાવ્યો હતો. અંતમાં પીએસઆઈ સુવા દ્વારા દરેક દીકરીઓને સામાન્ય રીતે પોતાની જાતની રક્ષા કેમ કરવી એ સમજાવી કાર્યક્રમ સમાપ્ત કર્યો હતો.

# શ્રાવણ માસ શિવ સત્સંગ

દેવોની નગરી જૂનાગઢમાં અનેક શિવ મંદિરો આવેલ છે જેમાં ઘણા સ્વયંભુ છે અને ઘણાસ્થાપિત હોય છે. જૂનાગઢ નગરી આમ જોઈએ તો પુરાણ પ્રસિદ્ધ છે અનેક દંત કથાઓને સંગ્રહીને બેઠેલા શિવ ખુદ ગિરનાર બની આદિકાળથી પૂજનીય છે જેમાં શહેરની વચ્ચે આવેલ કાળવા ચોકની પશ્ચિમ દિશામાં આવેલ શીતલા કુંડમાં બિરાજમાન નીલકંઠ મહાદેવ ૫૦૦૦ પાંચ હજાર વર્ષ પુરાણું પાંડ્વોનાં કાળનું છે. આ મંદિર જમીનથી નીચે ૫૦ ફૂટ નીચે આવેલ છે. આ મંદિરની આસપાસ ગુપ્ત ભોંયરા આવેલ છે જેને હાલના સમયે બંધ કરવામાં આવેલ છે. કોઈ સમયે આ ભોયરા ક્યાંય નીકળતાં હોવાનું કહેવાય છે. એટલુંજ નહિ જાણકારોનાં કથન મુજબ આ ભોયરા ગિરનાર, ભવનાથ સુધી જાય છે. અહીં આસપાસ નાના દેરામાં ભગવાનનાં મંદિરો પણ છે. જે ભક્તિની જ્યોત જલાવી રહ્યાં છે. અહીં મોટી પહોળાયમાં કુંડ આવેલ છે જેને ભાવિકો શીતલા કુંડ તરીકે પ્રચલિત છે. સમગ્ર વાતાવરણ શ્રદ્ધા, ભક્તિ મય કરતું આ શિવ મંદિરમાં અંદર પ્રવેશ કરવાં થોડું નમવું પડે છે અને કોઈ ગુફામાં જઈએ તેવો ભાસ થાય છે. અંદર ઓમનાં નાદ પડઘાય છે. બાજુમાં માં શીતલાનું સ્થાન આવેલ છે. અહીં શ્રાવણ માસમાં સાતમ, આઠમનાં દિવસે બહેનો માંને કુલરનો પ્રસાદ ચઢાવે છે. કહેવાય છે કે કોઇને માતાજી નીકળ્યાં હોય તો થોડા દિવસબાદ અહીં નમાવવા આવે છે. ત્યારબાદ પીડાથી મુક્તિ મળે છે. તેમજ કોઈને ચામડીને લગતી બીમારી હોય માંની માનતા માને એટલે જતી રહે છે. અહીં શ્રાવણ માસનાં દર સોમવારે કુંડમાં મોટી સંખ્યામાં દીપમાળાનું આયોજન કરવામાં આવે છે. પાણીમાં તરતા દિવા અનેરૂ આકર્ષણ ઉભું કરે છે. તેમજ મહાદેવને વિશિષ્ટ શણગાર કરવામાં આવે છે.



આ મંદિરનાં તમામ પ્રસંગોનાં જાણકાર એવા ભૂદેવ રસિકભાઈ પુરોહિત જણાવે છે. કે આ મંદિર અતિ પ્રાચીન છે. મહાદેવ તેમજ શીતલા માતા હાજરા હજુર છે. આ જગ્યામાં અનેક નામી અનામી સાધુ સંતો અહીં પૂજા આરાધના કરી ગયાં છે. છેલ્લે ૩૦ વર્ષ સુધી શ્રી શિવ ડેરૂ મહારાજ જે જંગમ સિદ્ધ સાધુ સેવા પૂજા કરતા હતા જેને જગ્યાનો સારો વિકાસ કરેલ છે. હાલ આ માસમાં આખો દિવસ ભાવિકો દર્શન કરવા પધારે છે. બાજુમાં શિવની ઊભાં કદની મૂર્તિ બિરાજમાન છે જે શિવની ઉપસ્થિતનો અણસાર દર્શાવે છે...

**- સંકલન : વિજય ચુડાસમા, જૂનાગઢ**

# સીકરની પ્રિયન સેને મિસ અર્થ ઈન્ડિયા ૨૦૨૩નો ખિતાબ જીત્યો

## પ્રિયન સેન ડિસેમ્બરમાં વિયેતનામમાં ઈન્ટરનેશનલ બ્યુટી પૈજંટ મિસ અર્થમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

નવી દિલ્હી, તા.૩૦

સીકર, રાજસ્થાનમાં રહેનાર પ્રિયન સેને મિસ અર્થ ઈન્ડિયા ૨૦૨૩નો ખિતાબ પોતાના નામે કર્યો છે. આ ખિતાબ મેળવનાર તે પ્રથમ રાજસ્થાની છે. આ ઈવેન્ટનું આયોજન ડિવાઈન બ્યુટીના દીપક અગ્રવાલ દ્વારા દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડીયમમાં કરવામાં આવ્યુંહતું. જેમાં પ્રિયને દુનિયાભરમાં ભારતનું નામ રોશન કર્યું હતું. ડિવાઈન બ્યુટી, એ મિસ ઈન્ટરનેશનલ ઈન્ડિયા અને મિસ અર્થ ઈન્ડિયાના ખિતાબ આપે છે. જેના દ્વારા ભારતીય યુવતીઓ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રિયન સેન ૧૬ ફીનાલીસ્ટમાં મિસ અર્થ ઈન્ડિયા ૨૦૨૩નો ખિતાબ જીતી હતી. પ્રિયનને જયારે મિસ અર્થ ઈન્ડિયા ૨૦૨૩નો તાજ પહેરાવવામાં આવ્યો ત્યારે તે ખુબ ભાવુક થઈ હતી. હવે આ ઉપલબ્ધી બાદ પ્રિયન ડિસેમ્બરમાં વિયેતનામમાં આયોજીત ઈન્ટરનેશનલ બ્યુટી પૈજંટ મિસ અર્થમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. મિસ રાજસ્થાનના આયોજક અને પ્રિયનના મેન્ટર યોગેશ મિશ્રા અને નિમિષા મિશ્રા એ જણાવ્યું કે, પ્રિયન મિસ રાજસ્થાન ૨૦૨૨ની ફર્સ્ટ રનર અપ રહી ચુકી છે. આ સાથે તેની મિસ ઈન્ડિયા ફાઈનલની તૈયારી અને મેડીકલનો અભ્યાસ પણ કરે છે. પ્રિયનના મમ્મી રાજસ્થાનની એક સરકારી સ્કુલમાં ટીચર છે. તેમજ તેમણે એકલા હાથે પ્રિયનનો ઉછેર કર્યો છે. પ્રિયને તેના અભ્યાસની સાથે તેના પેશનને ફોલો કર્યું અને આજે તેણીએ આટલી મોટી સિદ્ધિ હાંસલ કરી છે. પ્રિયન કહે છે કે, તે પહેલા એક ટોમબોય પર્સનાલીટી ધરાવતી હતી અને તે પછી તેણે આવી સિદ્ધિ મેળવવાની સફરમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેણીએ પીછે હટ કરી નહી.




## ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની મહેનત રંગ લાવી

# ઉનાના નાલિયા માંડવી નજીક પાર્કની જાહેરાત મુખ્યમંત્રીએ કરતા ગ્રામજનોમાં ખુશીનો માહોલ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૩૦

ઉના તાલુકાના નાલીયા માંડવી નજીક સાસણ જેવું સફારી પાર્કની માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જ્યારે આ જાહેરાત કરતા સમગ્ર ગ્રામજનો ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડની મહેનત રંગ લાવી જયારે સફારી પાર્ક આવશે રોજગારી નવી તકો તાલુકામાં ઊભી થશે જ્યારે એક કોર કેન્દ્રશાસિત દીવ પર્યટન સ્થળ છે જેના કારણે ખૂબ મોટી માત્રામાં પર્યટક આવશે જેને કારણે તાલુકામાં વસતા લોકોને રોજગારી મળશે જયારે નાલીયા માંડવી ગામના તથા આજુબાજુ ગામના લોકોને પણ ત્યાં પોતાના આંગણે કામ મળી રહેશે સરપંચના પ્રતિનિધિ રફિક ભાઈ સુમરા જણાવે છે કે અમારું ગામ નાલીયા માડવી અને ખંઢરા ગામ અ બંને ગામ ત્રણથી ચાર હજાર વસ્તી ધરાવતું ગામા છે જ્યારે સફારી પાર્ક આવવાથી સમગ્ર તાલુકાના લોકોને ફાયદો થશે ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડે આ બાબતે ખૂબ રજૂઆતો કરી અને ખૂબ મહેનત કરી તેમના કારણે આ શક્ય થયું છે અમે આભાર વ્યક્ત કરીએ છીએ જેથી અમારા ગામને આ સફારીપાર્કબનવાથી તેઓને પણ અહીં રોજ રોટી મળી રહેશે અમારા નજીક દરિયાઈ પટ્ટી ખૂબ લાંબી હોય સાથે બ્લુ ફ્લેગ બીચ પણ મંજૂર થઈ ગયેલ હોય અમારા ગામનો ખૂબ વિકાસ થશે તેઓ મીડિયા સામે જણાવ્યું હતું જ્યારે તમામ અધિકારીઓનો પણ આભાર માન્યો હતો.



દ્વારકા પોલીસ સ્ટેશનની **SHE team** તથા કાઉન્સેલર દ્વારા મોડેલસ્કૂલ , દ્વારકાની મુલાકાત કરવામાં આવેલ જેમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફગણ ને ૧૦૦,૧૮૧,૧૧૨, ૧૦૯૮ જેવી હેલ્પલાઈન , મહિલાલક્ષી વિવિધ યોજનાઓ તથા કાયદાઓની માહિતી આપેલ વધુમાં સાઈબર ક્રાઈમ,પોકસો એકટ ,કામકાજના સ્થળે જાતીય સતામણી, અને **SHE team** ની કામગીરી વિશે માહિતી આપી મહિલાલક્ષી વિવિધ યોજનાઓ ના પેમ્પલેટ્સ વિતરણ કરેલ.

(તસ્વીર અહેવાલ : રાકેશ સામાણી- દ્વારકા)

